અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ જૂન ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ વદ બીજ
વર્ષ : ૧૫
અંક : ૩૨૩
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

NEET પેપર લીકને લઈને મોટા સમાચાર I NEET પ્રશ્નપત્રો અને મળેલા જવાબના દસ્તાવેજો વચ્ચે સાચો મેળ જોવા મળ્યો

# EOUની ટીમે રિપોર્ટ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને સોંપ્યો

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ I

NEET પેપર લીકને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટ (EOU)ની ટીમે NEET પેપર લીક સંબંધિત ૨૧ જૂન સુધી તપાસની કામગીરી વિશે માહિતી સાથે સંપૂર્ણ રિપોર્ટ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને સોંપ્યો છે. રિપોર્ટમાં પુરાવા અને તથ્યો તેમજ આરોપીઓના કબૂલાતના નિવેદનોનો પણ ઉલ્લેખ છે.

NEET પેપર લીક કેસની તપાસ કરી રહેલા બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટે (EOU) શિક્ષણ મંત્રાલયને રિપોર્ટ સોંપ્યો છે. તેમાં બળી ગયેલ NEET UG પ્રશ્નપત્ર-પુસ્તિકા નંબર સાથે રિપોર્ટમાં રાખવામાં આવી છે.

ઉમેદવારો દ્વારા આપવામાં આવેલ પોસ્ટ ડેટેડ ચેકનો ઉલ્લેખ, પેપર લીક માફિયા દ્વારા ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોન, પૈસાની લેવડદેવડ અંગેના પુરાવા અને તેમજ પ્રશ્નપત્ર અને ઉત્તરવહી ઉપલબ્ધ કરાવવામાં આવેલા તમામ સ્થળોની માહિતી પણ રિપોર્ટમાં દર્શાવવામાં છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મૂળ NEET પ્રશ્નપત્રો અને મળેલા જવાબના દસ્તાવેજો વચ્ચે સાચો મેળ જોવા મળ્યો છે. EOUના રિપોર્ટના આધારે આગળનો નિર્ણય કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા લેવામાં આવશે. બિહાર EOUએ NEET પેપર લીક કેસમાં પોતાનો રિપોર્ટ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને સોંપ્યો છે. જેમાં ૧૩ આરોપીઓના નિવેદનની નકલો પણ આપવામાં આવી છે. જેમાં પેપર લીક મામલે ધરપકડ કરાયેલા ૪ ઉમેદવારો સહિત ૧૩ આરોપીઓના નિવેદનોની નકલો પણ આપવામાં આવી છે.

EOUએ પેપર લીક કરનાર સંજીવ મુખિયાની ધરપકડ કરવા માટે દરોડા પાડ્યા છે. પટના, નાલંદા, ગયા અને નવાદા જિલ્લાની પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે.

નગરનૌસાના શાહપુર સ્થિત સંજીવ મુખિયાના પૈતૃક ગામમાં પણ પોલીસના દરોડા પડ્યા છે. પોલીસ સંજીવ મુખિયા સામે જપ્તી અને જાહેરાતની પ્રક્રિયા પર પણ આગળ વધશે. કોર્ટમાંથી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આગળની કાર્યવાહી માટે તૈયારીઓ કરવામાં આવી હતી. EOU દ્વારા સંજીવ મુખિયાના ઘણા નજીકના સંબંધીઓની પણ પૂછપરછ કરવામાં આવી છે.




## રિપોર્ટમાં પુરાવા અને તથ્યો તેમજ આરોપીઓના કબૂલાતના નિવેદનોનો પણ ઉલ્લેખ છે.

EOUએ પેપર લીક કરનાર સંજીવ મુખિયાની ધરપકડ કરવા માટે દરોડા પાડ્યા છે. પટના, નાલંદા, ગયા અને નવાદા જિલ્લાની પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે. નગરનૌસાના શાહપુર સ્થિત સંજીવ મુખિયાના પૈતૃક ગામમાં પણ પોલીસના દરોડા પડ્યા છે. પોલીસ સંજીવ મુખિયા સામે જપ્તી અને જાહેરાતની પ્રક્રિયા પર પણ આગળ વધશે. કોર્ટમાંથી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આગળની કાર્યવાહી માટે તૈયારીઓ કરવામાં આવી હતી. EOU દ્વારા સંજીવ મુખિયાના ઘણા નજીકના સંબંધીઓની પણ પૂછપરછ કરવામાં આવી છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મૂળ NEET પ્રશ્નપત્રો અને મળેલા જવાબના દસ્તાવેજો વચ્ચે સાચો મેળ જોવા મળ્યો છે. EOUના રિપોર્ટના આધારે આગળનો નિર્ણય કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા લેવામાં આવશે. બિહાર EOUએ NEET પેપર લીક કેસમાં પોતાનો રિપોર્ટ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને સોંપ્યો છે. જેમાં ૧૩ આરોપીઓના નિવેદનની નકલો પણ આપવામાં આવી છે.

વીડિયો વાયરલ થતા જ પોલીસે આ કાર્યવાહી કરી

## રીલ બનાવવા માટે છોકરીએ બિલ્ડીંગમાંથી લટકાવી...



I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ I

રીલ બનાવવાનો, તેના વિડીયો અપલોડ કરવાનો અને સોશિયલ મીડિયા પર રાતોરાત લોકપ્રિય થવાનો ક્રેઝ જીવન પર અસર કરી શકે છે. આવી અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે, જેના પ રિણામો ભયાનક હતા. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં જોઈ શકાય છે કે એક છોકરી તેના મિત્રનો હાથ પકડીને ઊંચી ઈમારત પરથી લટકી રહી છે. બિલ્ડિંગની ઊંચાઈ અને છોકરીની ક્રિયાઓ તમારા હૃદયને આંચકો આપશે. હવે પોલીસે આ વીડિયોને લઈને કડક કાર્યવાહી કરી છે.એજન્સીના જણાવ્યા અનુસાર, આ મામલો મુંબઈ-બેંગ્લોર હાઈવેની નજીક નર્હે વિસ્તારનો છે. અહીં એક છોકરી બે પુરુષો સાથે એક નિર્જન બિલ્ડીંગના ધાબા પર પહોંચી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો અહીં રીલ બનાવવા ગયા હતા.એક યુવક બિલ્ડિંગની છત પર સૂઈ ગયો અને યુવતીએ તેનો હાથ પકડીને બિલ્ડિંગ પરથી લટકવાનું શરૂ કર્યું. આ દરમિયાન અન્ય એક યુવક વીડિયો બનાવી રહ્યો હતો. કેટલાક લોકો બિલ્ડિંગની નીચેથી વીડિયો બનાવી રહ્યા હતા. આ વીડિયો બનાવવા માટે યુવતીએ પોતાનો જીવ જોખમમાં મુક્યો હતો.આ વીડિયો વાયરલ થતાં પુણે શહેર પોલીસે કેસ નોંધીને આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે શુક્રવારે આ કેસમાં આઈપીસીની કલમ ૩૦૮ ઉમેરી. પોલીસનું કહેવું છે કે 'ગુનેગાર હત્યાના પ્રયાસ'ના કેસમાં એક પુરુષ અને એક મહિલા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ લોકોએ સોશિયલ મીડિયા માટે વીડિયો બનાવવા માટે જીવલેણ સ્ટંટ કર્યો હતો.આ વીડિયો ગુરુવારે વાયરલ થયો હતો. વિડિયો મળ્યા બાદ પોલીસે આઈપીસીની કલમ ૩૩૬ (અન્યના જીવ કે અંગત સુરક્ષાને જોખમમાં મૂકવો) હેઠળ કેસ નોંધ્યો હતો. ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે કેસ નોંધાયા બાદ તેમાં વધારાની કલમ ૩૦૮ ઉમેરવામાં આવી છે.

### ન્યૂઝ બ્રિફ

## ગંડક નદી પર બનેલો પુલ જોતજોતામાં પડી ગયો



I પટણા, તા.૨૨ I

બિહારમાં ફરી એક પુલ ધરાશાયી થયો છે. આ ઘટના સિવાન જિલ્લામાં બની હતી જ્યાં ગંડક નદી ઉપર બનેલો પુલ તૂટી ગયો અને બધો કાટમાળ પાણીમાં વહી ગયો હતો. આ ઘટના કેનાલમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જવાથી બની હતી. જો કે સદભાગ્યે પુલ તૂટવાથી કોઈનું મૃત્યુ નથી થયું. પરંતુ કરોડો રૂપિયાનું નુકસાન જરૂર થયું છે. સદભાગ્યે પુલ તૂટ્યો ત્યારે કોઈ તેના ઉપરથી પસાર થઈ રહ્યું ન હતું. પુલના ધરાશાયી થવાથી આસપાસના વિસ્તારોમાં વીજળી જતી રહી હતી. આ પુલ સિવાન જિલ્લાના દારોંદા શહેર હેઠળના રામગઢ ગામમાં ગંડક નદીની કેનાલ પર બનાવવામાં આવ્યો હતો.

ફોરેનના વિઝાના બહાને ૭ કરોડ ૭૫ લાખ પડાવ્યા I ઇન્ફોસિટી પોલીસે ૪ એજન્ટો સામે ફરિયાદ નોંધી

## ગાંધીનગરમાંથી વધુ એક વિઝા કૌભાંડ આવ્યું સામે

I (એજન્સી) ગાંધીનગર , તા.૨૨ I

ગાંધીનગરમાંથી વધુ એક વિઝા કૌભાંડ આવ્યું સામે, કેનેડાના પીઆરના નામ એક જ પરિવારના ૬૫ લાખ પડાવ્યા એજન્ટ વિશાલ પટેલ હાલ વિદેશ ભાગી ગયો હોવાની માહિતી છે. અંકિત પટેલ, અનેરી તેમજ શૈલેષ પટેલ પણ ફરાર છે. ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા ઘણી જાણીતી છે. ઘણા લોકો ગેરકાયદે પ્રવેશવા એજન્ટોનો સંપર્ક કરતા હોય છે. આવા લેભાગુ એજન્ટો લોકોને ઘણી વખત શીશામાં ઉતારતા હયો છે. ગાંધીનગરમાંથી વધુ એક વિઝા કૌભાંડ બહાર આવ્યું છે. ૨૩ લોકો પાસેથી ફોરેનના વિઝાના બહાને રૂ. ૭ કરોડ ૭૫ લાખ પ ડાવ્યાની ફરિયાદ નોંધાઈ છે. કુડાસણ પાસેની ઉમિયા ઓવર્સિસ વિઝા કન્સલ્ટન્ટ ઓફિસમાં કૌભાંડ થયાની ફરિયાદ નોંધાઈ છે. લવાર પુરના પિતા, પુત્ર સહિત ૪ એજન્ટો સામે ફરિયાદ નોંધાઈ છે. લોકોને કેનેડામાં PR કરાવી આપ વાના બહાને એક જ પરિવારના ૬૫ લાખ પડાવ્યા હતા. વિશાલ પટેલ, અંકિત પટેલ, અનેરી તેમજ શૈલેષ પટેલ સામે વિઝનાં નામે રૂપિયા પ ડ્વ્યાનો આરોપ છે. એજન્ટ વિશાલ પટેલ હાલ વિદેશ ભાગી ગયો હોવાની માહિતી છે. અંકિત પટેલ, અનેરી તેમજ શૈલેષ પટેલ પણ ફરાર છે. ડભોડાના જીગ્નેશ પટેલે ફરિયાદ નોંધાવતા વિઝા કૌભાંડ બહાર આવ્યું છે. ઈન્ફોસિટી પોલીસે ફારયાદ નોંધી તપાસ હાથ ધરી છે. કૌભાંડની વિગતો એવી છે કે ગાંધીનગર તાલુકાના ડભોડાના ફાર્મમાં રહેતા ધોરણ - ૧૨ પાસ જીગ્નેશ બંસીલાલ પટેલને બે વર્ષ અગાઉ સામાજીક પ્રસંગમાં શૈલેષભાઈ કુબેરદાસ પટેલ (રહે. લવારપુર) સાથે સંપર્ક થયો હતો. એ વખતે શૈલેષ પટેલે તેમનો પુત્ર અંકિત, પુત્રવધૂ અનેરી અને તેમનો મિત્ર વિશાલ પટેલ ગાંધીનગર કુડાસણ ખાતે ઉગતી કોર્પોરેટ પાર્ક બિલ્ડીંગમાં ઉમિયા ઓવરસીસ નામથી વિઝા કન્સલટન્ટની ઓફિસમાં લોકોને વીઝા તેમજ પરમેનન્ટ રેસીડન્સ અપાવવાનુ કામ કરતા હોવાની વાત કરી હતી.

### સગીરના પિતા જામીન મળ્યા બાદ પણ જેલમાંથી બહાર આવી શકશે નહીં

I નવી દિલ્હી, તા.૨૨ I

મહારાષ્ટ્રના પુણેમાં પ્રકાશમાં આવેલા પોર્શ અકસ્માત કેસમાં સગીર આરોપીના પિતાને પુણેની સેશન્સ કોર્ટમાંથી જામીન મળી ગયા છે. જોકે જામીન મળ્યા બાદ પણ તે જેલમાંથી બહાર આવી શકશે નહીં.તમને જણાવી દઈએ કે ૧૯ મેના રોજ થયેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા હતા. સગીર કથિત રીતે નશાની હાલતમાં ખૂબ જ હાઈ-એન્ડ પોર્શ કાર ચલાવી રહ્યો હતો. કાર એક બાઈક સાથે અથડાઈ હતી.

સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

## વૃદ્ધની જીવનભરની બચત ગઠિયાઓ પડાવી ગયા

ત્રાગડના નિવૃત બેન્ક કર્મીને શેર બજારમાં રોકાણ કરવાથી સારો નફો થશે તેવી લોભામણી લાલચ આપીને સાયબર ગઠિયાઓએ રૂ. ૫૨.૯૫ લાખ લઇ ગયા હતા

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ I

ત્રાગડના નિવૃત બેન્ક કર્મીને શેર બજારમાં રોકાણ કરવાથી સારો નફો થશે તેવી લોભામણી લાલચ આપીને સાયબર ગઠિયાઓએ રૂ. ૫૨.૯૫ લાખ લઈ ગયા હતા. જેમાં વૃદ્ધને વોટ્સએપ ગ્રૂપમાં એડ કરીને રોકાણની ટિપ્સ આપતા હતા. બાદમાં ગઠિયાઓએ એપ્લિકેશન લિન્ક મોકલીને એકાઉન્ટ ખોલાવીને બજાર કરતા ૨૦ ટકા ઓછા ભાવે શેર આપીશું કહીને રોકાણ કરાવ્યું હતું, પરંતુ એલોટ શેર પેટે વધુ રૂપિયાની માગણી કરતા ઠગાઇ થઇ હોવાની જાણ થઇ હતી. આ અંગે નિવૃત બેન્ક કર્મીએ ગઠિયાઓ સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ૨૨ વર્ષ પહેલા બેંકમાંથી નિવૃત્ત થયેલા અશોક પંડ્યા ત્રાગડમાં પરિવાર સાથે રહે છે અને નિવૃત્ત જીવન ગુજારે છે. તેમના મોબાઈલ પર ગત ૨૮ એપ્રિલે તેમને અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં સ્ટોક માર્કેટમાં સારો નફો કરાવવા મદદ કરાશે તેમ લખ્યું હતું.

## ગેંગસ્ટર છોટા શકીલના સંબંધીનું હાર્ટ એટેકથી મોત

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ I

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૨૨માં ટેરર ફંડિંગ સંબંધિત કેસમાં શેખની ધરપકડ કરી હતી. આ કેસમાં દાઉદ ઈબ્રાહિમ અને છોટ શકીલ સહિત દાઉદ ગેંગના ઘણા સભ્યો સંડોવાયેલા છે. ધરપકડ બાદ શેખને આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો હતો. ભાગેડુ ગેંગસ્ટર છોટા શકીલના સંબંધી અને ટેરર ફંડિંગ કેસના આરોપી આરીફ અબુબકર શેખ ઉર્ફે ભાઈજાનનું શુક્રવારે હાર્ટ એટેકથી અવસાન થયું હતું. તેમને જેજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ ૨૦૨૨માં શેખ (૬૧)ની ટેરર ફંડિંગ સંબંધિત કેસમાં ધરપકડ કરી હતી. આ કેસમાં દાઉદ ઈબ્રાહિમ અને છોટ શકીલ સહિત દાઉદ ગેંગના ઘણા સભ્યો સંડોવાયેલા છે. ધરપકડ બાદ શેખને આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો હતો અને જેજે હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી.

## શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓ ચિંતામાં

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ I

કાળઝાળ ગરમીના કારણે મોંઘવારીએ ફરી માઝા મૂકી છે. ડુંગળી અને બટાકા બાદ હવે ટામેટા, લીંબુ, સહિત મોટાભાગની શાકભાજીઓના ભાવ આસમાને પહોંચ્યા છે. મે મહિનાના અંતથી અત્યારસુધીમાં શાકભાજીઓના ભાવ સતત વધી લગભગ બમણા થયા છે. ગ્રાહક બાબતોના મંત્રાલય અનુસાર, ડુંગળી, બટાકા, ટામેટાના ભાવ સૌથી વધુ વધ્યા છે. તેમજ ચોખા, કઠોળ અને અન્ય ખાણી-પીણીની ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ છે. છેલ્લા એક વર્ષમાં જરૂરી ચીજવસ્તુઓના ભાવ ૬૫ ટકા વધ્યા છે. ગ્રાહક બાબતોના મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ આંકડાઓ અનુસાર, ગતવર્ષે ૨૧ જૂને ચોખાની કિંમત રૂ. ૪૦ પ્રતિ કિગ્રા હતી, જે વધી રૂ. ૪૫ પ્રતિ કિગ્રા થઈ છે. મગ દાળનો ભાવ કિલોદીઠ ૧૦ ટકા વધી રૂ. ૧૧૯ થયો છે. ખાંડ પણ રૂ. ૪૫ પ્રતિ કિગ્રા થઈ છે.



### કુખ્યાત આરોપી સહીત ૩ને ઝડપી પડાયા

## સુરત રેલ્વે સ્ટેશન ખાતે ત્રણ ઈસમો બેગ મુકીને ફરાર થયા



। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત રેલ્વે સ્ટેશન ખાતે ત્રણ ઈસમો પોલીસને જોઈને બેગ મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે બેગમાં તપાસ કરતા તેમાંથી દેશી હાથ બનાવટની પિસ્ટલ તેમજ ૮ જીવતા કારતુસ મળી આવ્યા હતા. જેથી આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને કુખ્યાત આરોપી સહીત ૩ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સુરતના રેલ્વે સ્ટેશન ખાતે રાત્રીના સમયે ૩ ઈસમો હથીયારની બેગ લઈને આવ્યા હતા જો કે પેટ્રોલિંગમાં રહેલી પોલીસને શંકા જતા તેઓ પોલીસને જોઈને બેગ મુકીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પોલીસે બેગમાં તપાસ કરતા બેગમાંથી દેશી હાથ બનાવટની પિસ્ટલ તેમજ ૮ જીવતા કારતુસ મળી આવ્યા હતા. જેથી પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આ મામલે તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં સુરત રેલ્વે પોલીસ તથા એલસીબી સુરત પશ્ચિમ રેલ્વેની ટીમે અમરોલી વિસ્તારમાં આવેલા ખુલ્લા મેદાનમાંથી આરોપી અમર ઓમકાર સાળુંકે, શશીકાંત ઉર્ફે દીપક છોટેસિંગ કુશ્વાહ અને કાર્તિક ઉર્ફ પીન્ટુ ગૌતમભાઈ રાઠોડને ઝડપી પાડ્યા હતા. આ સમગ્ર બનાવમાં પોલીસ જણાવ્યું હતું કે ગત તારીખ ૧૮-૦૬-૨૦૨૪ ના રોજ સુરત રેલ્વે સ્ટેશન ખાતે આશરે રાતે ૩ વાગ્યાના સુમારે પૂરી-સુરત ટ્રેન આવી હતી જેમાં પ્લેટફોર્મ નબર ૧ પર આવવાના બ્રીજ ઉપર એક માણસ આવી બીજા બે માણસોને બેગ આપતા રાત્રી દરમ્યાન ફરજ બજાવતા પોલીસ કર્મીઓ અને હોમગાર્ડના જવાનોએ જોતા ત્રણેય ઈસમો બેગ નાખીને ભાગી ગયા હતા અને એ બેગ પોલીસકર્મીઓએ ચેક કરતા તેમાંથી એક દેશી પિસ્ટલ તેમજ ૮ જીવતા કારતુસ મળી આવ્યા હતા. જેથી આ મામલે ગુનો નોંધી અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ગુનામાં પૂરી-સુરત ટ્રેનમાંથી જે વ્યક્તિ હથીયાર લઈને આવ્યો હતો. તેનું નામ અમર ઓમકાર સાળુંકે છે અને તે જેને હથીયાર આપી રહ્યો હતો તે દીપક શશીકાંત કુશ્વાહ અને કાર્તિક રાઠોડ હતા.

# બોલાચાલીમાંથી વાત કાપાકાપી પર આવી ગઈ

### ૧૭૦૦ રૂપિયાએ લીધા બે યુવાનોના જીવ, પોલીસે ઘટનામાં ત્રણ હત્યારા પૈકી એકની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

શહેરના ગોમતીપુર વિસ્તારમાં ગતરાત્રિ નજીવી બાબતે તકરાર થઈ અને મામલો આગળ જતા બગડી ગયો હતો. બનાવની વિગત મુજબ પૈસાની લેવડ-દેવડ મામલે ત્રણ ભાઈઓએ બે યુવાનોની હત્યા કરી હતી. આ ઘટના ગોમતીપુર પોલીસ સ્ટેશનના માત્ર ૫૦૦ મીટરના જ અંતરે બની હતી. શહેરના હાથીખાઈ ગાર્ડન વિસ્તારમાં મોડી રાત્રે બે યુવાનોના માથા જાહેરમાં કાપી નાખવાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. પોલીસે આ ઘટનામાં ત્રણ હત્યારા પૈકી એકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. બકરી ઈદના દિવસે મરનાર પૈકી એક યુવાને પાનના ગલ્લાવાળા પાસેથી રૂ.૧૭૦૦ની રકમ જબરજસ્તીથી પડાવી લઈને જતો રહ્યો હતો તેની અદાવત રાખી સમાધાન માટે બોલાવી ઘટનાને અંજામ આપ્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અન્ય




એક ઈજાગ્રસ્ત યુવાન પણ હાલ સારવાર હેઠળ છે જેની હાલત થોડીક નાજુક છે. ગોમતીપુર વિસ્તારમાં રહેતો અને ગુનાખોરી સાથે સંકળાયેલો આમીર ઉર્ફે ભાંજા અંસારી નજીકમાં આવેલા કામિલ મણીયારના પાન પાર્લર પર જઈ ઈદના તહેવાર નિમિત્તે પૈસાની માગણી કરી હતી. કામિલે આનાકારી કરતાં આમીરે કેશ કાઉન્ટરમાંથી રૂ.૧૭૦૦ રોકડા કાઢી લઈ જતો રહ્યો હતો. આ માથાકૂટને લઈ સમાધાન માટે કામિલે આમીરને ફોન કરી બોલાવ્યો હતો. ૧૯મી એ રાત્રે ૧૧ વાગે આમીર તેના સાગરીતો તબરેજ પઠાણ સહિત છ લોકો તલવાર અને ધારિયા સાથે હાથીખાઈ ખાતે આવેલા કામિલના ઘરે પહોંચ્યા હતા. ત્યારે કામિલ અને તેના બે ભાઈ સમીર અને સાહિલ પણ ત્યાં હાજર હતા. બકરીઈદના દિવસે કેશ કાઉન્ટરમાંથી પૈસા કાઢીને લઈ જવાના મામલે કામિલ અને આમીર વચ્ચે ફરીથી માથાકૂટ થઈ હતી. આ માથાકૂટ લાંબી થતાં કામિલ મણીયાર તથા સાહિલ મણીયારે આમીર અંસારી અને તરબેજ પઠાણના હાથમાંથી તલવારો ઝૂંટવી લઈ એમની ઉપર જ તૂટી પડ્યા હતા. મણીયાર ભાઈઓએ આમીર અને તરબેજ પર ઉપરાછાપરી તલવારના ઘા ઝીંકી દીધા હતા એમાં બન્નેના મૃત્યુ થયા હતા.

## સુરેન્દ્રનગરના લખતર-વિરમગામ હાઈવે પર જીવલેણ અકસ્માત

। સુરેન્દ્રનગર , તા. ૨૨ ।

ગુજરાતમાં દિવસેને દિવસે રોડ અકસ્માત અને હિટ એન્ડ રનની ઘટનાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ૨૧મી જૂનના રોજ સુરેન્દ્રનગરના લખતર-વિરમગામ હાઈવે પર વિઠ્ઠલગઢ નજીક ટ્રક ચાલકે બાઈકને ભીષણ ટક્કર મારી હતી. જેમાં બાઈક સવાર ત્રણ યુવકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર લખતર વિરમગામ હાઈવે પર વિઠ્ઠલગઢ નજીક પુરઝડપે જઈ રહેલા ટ્રકે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર જઈ રહેલા ત્રણ યુવકોના ઘટનાસ્થલે જ કરૂણ મોત નીપજ્યા હતા. ટ્રક ચાલક બાઈક પર ટ્રેક ચલાવી ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક સમસ્યા રાબેતા મુજબ કરી હતી. પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને તેની શોધ હાથ ધરી છે. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક સમસ્યા રાબેતા મુજબ કરી હતી. પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને તેની શોધ હાથ ધરી છે.

### સુરત કોર્પોરેશનના અધિકારીઓનો વીડિયો સામે આવ્યો

# અધિકારીઓનો દારૂની મહેફિલ માણતો વીડિયો સામે આવ્યો

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડી રહ્યાં છે. દારૂની હેરાફેરી સાથે હવે ડ્રગ્સની એન્ટ્રી પણ નવી નથી રહી. ત્યારે કાયદાનું પાલન કરાવનારાઓ જ કાયદાનો ભંગ કરી રહ્યાં હોવાનો દાખલો સુરતમાં જોવા મળ્યો છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ કતારગામ સિંગણપુર તરણકુંડમાં દારૂની મહેફિલ માણતા હોવાનો એક જાગૃત નાગરિક દ્વારા વીડિયો બનાવવામાં આવ્યો છે.આ વીડિયોમાં જોવા મળે છે કે, તરણકુંડમાં દારૂની મહેફિલ માણતા અધિકારીઓ રેડ પડતાં જ ઊભી પૂંછડીએ ભાગ્યા હતા. આ અંગે સ્થાનિક કોર્પોરેટરને જાણ



કરાતા કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે પોલીસને જાણ કરતાં પોલીસે વધુ તપાસ આરંભી છે. સુરતના કતારગામમાં સિંગણપુર વિસ્તારમાં આવેલા તરણકુંડમાં ગત રાત્રે મહાનગરપાલિકાના અધિકારીઓ દારૂની મહેફિલ માણતા એક જાગૃત નાગરિકે રંગેહાથે ઝડપ્યા હતા. આ મામલે તેણે વોર્ડ નંબર ૭ના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવને જાણ કરી હતી. તરણકુંડના અધિકારી અને કર્મચારીઓ ઓફિસમાં બેસીને દારૂની મેહફિલ માંડી રહ્યા હતા અને સાથે ટી૨૦ વર્લ્ડ કપની મેચ જોઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ ઓફિસની અંદર એક જાગૃત નાગરિક પહોંચીને તેમને રંગેહાથે ઝડપી પાડ્યા હતા. અધિકારીઓ અચાનક જ જાગૃત નાગરિકને વીડિયો બનાવતા જોઈ ત્યાંથી ભાગવા લાગ્યા હતા. દારૂની મહેફિલ માણી રહેલા લોકોમાં ઈન્સ્પેક્ટર અને કોન્ટ્રાક્ટર સહિત સ્વિમિંગ કરવા આવેલા એક સભ્ય સાથે વોચમેન પણ હતો. પોલીસને જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે, દારૂની મહેફિલ કરી રહેલા અધિકારીઓ પાસેથી દારૂની બોટલ પણ મળી આવી છે.આ સમગ્ર મામલે કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે જણાવ્યું હતું કે, મારા પર સાંજે ૮:૨૨ વાગ્યે ફોન આવ્યો કે, નરેન્દ્રભાઈ તમે અહીં આવો, અધિકારીઓ દારૂની પાર્ટી કરી રહ્યા છે. જેથી તાત્કાલિક હું ઘટનાસ્થળે પહોંચ્યો જ્યાં જોયું તો બે લોકો ગેટ ઉપરથી કૂદી રહ્યા હતા. વીડિયોમાં બધા આવી ગયા છે. મને જાણ થતાં ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો. કોર્પોરેટરના કોલ બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

### મનફાવે તેમ કર્મચારીને કાઢી ન શકાય

## નોકરીયાતોના હિતમાં ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે, કર્મચારી ઘણાં વર્ષોથી એક કંપનીમાં કામ કરતો હોય છે. જોકે, કોઈકને કોઈક વાતો બોસ કે મેનેજમેન્ટ સાથે ખટરાગ થાય તો તેને તાત્કાલિક નોકરીમાંથી તગેડી મુકવામાં આવતો હોય છે. કાલથી ના આવતા એવું કહીને તેને ઘરે કાઢી મુકવામાં આવે છે. પરંતુ આ પ્રકારનું વર્તન બિલકુલ યોગ્ય નથી. અને તેની નહીં ચલાવી લેવાય. તેના માટે ગુજરાત હાઈકોર્ટે કર્મચારીઓના હક્કમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કર્મચારીને માંદગીના કારણોસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. જેને હાઈકોર્ટે ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છેકે, કર્મચારીને કાઢી મુકવામાં આવતા આ મુદ્દે કંપની સામે પરિવાર દ્વારા કેસ કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના એક મૃતક કર્મચારીની વિધવાને ?૫ લાખનું વળતર આપવાનો ચુકાદો આપ્યો છે. કર્મચારીને માંદગીના કારણોસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા, જેને હાઈકોર્ટે ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવ્યું હતું. જસ્ટિસ એ.એસ.ની ડિવિઝન બેંચ. સુપેહિયા અને ન્યાયાધીશ મૌના એમ. ભટ્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અરજદાર સામે કોઈ ગેરવર્તણૂક/અસંતોષકારક કામગીરીનો આક્ષેપ કરવામાં આવ્યો નથી.

### બીલ વગર વેચાણ કરતા વેપારીને ૨૧ લાખનો દંડ

## ભાવનગરમાં સ્ટેટ GST વિભાગની તપાસ દરમિયાન વેપારી સામે કાર્યવાહી

। (એજન્સી) ભાવનગર, તા.૨૨ ।

ભાવનગર સ્ટેટ જીએસટી દ્વારા શહેરના વોરા બજારમાં આવેલા કટલરી અને હોઝિયરીના વેપારીઓને ત્યાં બુધવારે દરોડા પાડયા હતા. વોરા બજારમાં આવેલી કટલરી અને કોસ્મેટિક વસ્તુઓનું બીલ વિના વેચાણ કરતા વેપારીઓ પર તરાપ બોલાવવા સ્ટેટ જીએસટીની ટીમે એક્શનમાં આવી તપાસ કરતા બીલ વિના વેચાણ કરતા અને સ્ટોક ડિફરન્સ આવતા એક વેપારીને રૂ. ૨૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સ્ટેટ જીએસટી વિભાગ છેલ્લા ઘણાં સમયથી શહેરના જુદાં-જુદાં વેપારીઓને ત્યાં જઈ ડમી ગ્રાહક બની વસ્તુ ખરીદી કરી બીલ વિના માલસામાનનું વેચાણ કરતા વેપારીઓને શોધવા માટે સક્રિય બની છે. શહેરની મેઈન બજારમાં આવેલી વોરા બજારમાં ગઈકાલે બુધવારે સ્ટેટ જીએસટીની ટીમે કટલરી અને હોઝિયરીના છુટક તથા જથ્થાબંધ અનેક વેપારીઓને ત્યાં તપાસ આદરી હતી. કટલરી અને કોસ્મેટિક્સનો નાનો-મોટો છૂટક સામાન બીલ વિના ખાસ કરીને ગામડાઓમાં વેચવામાં આવતો હોવાની જાણ થતાં સ્ટેટ જીએસટીની ટીમોએ દરોડા પાડયા હતા. જેમાં મનોજ ટ્રેડિંગ નામની પેઢીમાં કટલેરીની નાની-મોટી છૂટક વસ્તુઓ બીલ વિના વેચવામાં આવતી હોવાનું અને ૧ કરોડનો સ્ટોક ડિફરન્સ આવતા આ પેઢીને વેરો અને વ્યાજ પેટે ૨૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સાતથી વધારે રિટર્ન અનિયમિત ફાઈલ થયાં હોય તેવા વેપારીઓ જીએસટી વિભાગની રડારમાં છે.

### પરત લાવવા PM અને વિદેશ મંત્રીને લખ્યો પત્ર

## સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દધવ ગામના ૧૦ લોકોની કુવૈત પોલીસે ધરપકડ કરી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૨ ।

સાબરકાંઠા જિલ્લાના ૧૦ લોકોની કુવૈતમાં ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં કુવૈતમાં એક ઈમારતમાં આગ લાગવાની ઘટનામાં અનેક ભારતીયોના મોત થયા હતા. જેના કારણે કુવૈતમાં જૂની ઈમારતોને ખાલી કરાવવામાં આવી રહી છે.જેમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના દધવ ગામના ૧૦ લોકોની કુવૈત પોલીસે ધરપકડ કરી છે.વાસ્તવમાં, વિજયનગરના ઘણા લોકો કુવૈતમાં રહે છે અને ઘણા વર્ષોથી ત્યાં કામ કરે છે. કુવૈત પોલીસે આ લોકોની ધરપકડ કરી છે

અલ્પેશભાઈ રમણલાલ મોઢપટેલ
હિમાંશુકુમાર રસિકલાલ મોઢપટેલ
બિપીનકુમાર શિવલાલ મોઢપટેલ
મિલનકુમાર દિનેશભાઈ મોઢપટેલ
નિલવ અશોકભાઈ મોઢપટેલ
લલિતભાઈ દેવચંદભાઈ મોઢપટેલ
અનિલભાઈ નારાયણદાસ પટેલ
નટવરલાલ ભીમજીભાઈ મોઢપટેલ
બિપીનભાઈ કોદરભાઈ મોઢપટેલ
વિવેકભાઈ ખેમજીભાઈ મોઢપટેલ

કુવૈત પોલીસે તમામની અટકાયત કરી છે. આ અંગે રમણભાઈ કુરજીભાઈ મોઢા પટેલે વડાપ્રધાન મોદી, વિદેશ મંત્રી અને સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયા અને રાજ્યસભાના સાંસદ રમીલા બારાને પત્ર લખ્યો છે.

## વિશેષ

### પ્રાકૃતિક ખેતીઃ અમદાવાદ જિલ્લો પ્રાકૃતિક ખેતીનું 'જંગલ મોડલ' જામફળ, જેલી અને જમ્બો નફો

# અમદાવાદના સાણંદ તાલુકાના ખોરજ ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીનું 'જંગલ મોડલ' વિકસાવ્યું







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદના સાણંદ તાલુકાના ખોરજ ગામે આવેલું શક્તિસિંહ વાઘેલાનું ખેતર, ખેતર ઓછું અને જંગલ વધારે લાગે છે. કારણ કે તેમણે રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવી ખેતરને 'જંગલ મોડેલ' બનાવ્યું છે. જે રીતે જંગલમાં માવજત વગર જ આપોઆપ ફળો ઉગતા હોય છે. તે વિચારને અપનાવી તેમણે પોતાના ખેતરની ત્રણ વીઘા જેટલી જમીનમાં આજથી સાતેક વર્ષ પહેલાં પ્રાકૃતિક ઢબે ખેતી કરવાનું નક્કી કર્યું. સાણંદ પંથકમાં મુખ્યત્વે ખેડૂતો ડાંગરનો પાક લેતા હોય છે. પરંતુ શક્તિસિંહે પરંપરાગત પાકોથી હટકે કંઈક નવું વાવેતર કરવાનું નક્કી કર્યું. તેમણે વૈજ્ઞાનિક ઢબે જમીનનું પૃથક્કરણ કરાવ્યું. જેમાં કાર્બનનું પ્રમાણ સારું આવ્યું. સાથોસાથ તેમની જમીનમાં પાણીની ગુણવત્તા પણ સારી આવી. ટીસીએસનું સ્તર જામફળના પાક માટે એકદમ સાનુકૂળ આવવાથી તેમણે ખેતરમાં જામફળીના ૭૫૦ છોડનું વાવેતર કર્યું હતું. ખેડૂત શકિતસિંહના જણાવ્યા પ્રમાણે તેમણે વાવેતર બાદ જીવામૃત અને ઘનજીવામૃત આપ્યું હતું. જેનાથી છોડનો સારો એવો વિકાસ થયો હતો. જંગલ મોડલની લાક્ષણિકતા જણાવતાં તેઓ કહે છે કે, છેલ્લા એકાદ વર્ષથી તેમણે ખેતર ખેડ્યું જ નથી. જંગલની જેમ ખેતરમાં પણ હવે કોઈપણ પ્રકારની ખાસ માવજત વગર જામફળ તૈયાર થાય છે. આ ઉપરાંત આચ્છાદન પદ્ધતિને અનુસરી તેમણે ખેતરમાં ડાંગરની પરાળી પાથરી છે. જેના થકી જમીનમાં ભેજનું પ્રમાણ જળવાય રહે છે. આ ઉપરાંત ઠંડક મળવાથી જમીનમાં અળસિયાની વૃદ્ધિ પણ થાય છે. જેની મદદથી જમીનમાં કુદરતી નાઈટ્રોજન અને કાર્બનનું પ્રમાણ વધે છે. આ પોષકતત્ત્વોથી જામફળની ઉત્તમ ગુણવત્તા મળે છે.

શક્તિસિંહે મિશ્રપાક પદ્ધતિને અપનાવતા જામફળી વચ્ચે શેરડીનું વાવેતર કર્યું છે. જેમાં ત્રણ છોડમાંથી આજે ત્રણસો છોડ થયા છે. જેના મૂળમાં તેમણે પોતે જ વિકસાવેલું બિયારણ છે. આ રીતે તેમને બહારથી બિયારણ લાવવું પડતું નથી. જેના કારણે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ નહિવત આવે છે.

જામફળના ઉત્પાદનની વાત કરતા તેમણે કહ્યું કે, એક વૃક્ષ પર સરેરાશ વીસ કિલોનો ઉતારો આવે છે. બજાર ભાવ પ્રમાણે ગુણવત્તાયુક્ત જામફળના પ્રતિકિલો ૨૫/- રૂપિયા ભાવ મળે છે. આમ, જામફળમાંથી એક સીઝનમાં ૩.૫ લાખથી વધુનો જમ્બો નફો મેળવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે હાલ પાયલોટ પ્રોજેક્ટની તર્જ પર શેરડીનું મૂલ્યવર્ધન કરીને ઓર્ગેનિક ગોળનું નાના પાયે ઉત્પાદન કર્યું છે. જેને આગામી સમયમાં વિસ્તારવામાં આવશે. તો વળી જામફળનું મૂલ્યવર્ધન કરીને તેમણે જેલી બનાવવાનો પ્રયોગ પણ કર્યો છે. જેનો ઉપયોગ મીઠાઈ, આઈસ્ક્રીમ સહિતની વસ્તુઓમાં કરવામાં આવે છે આ પ્રયોગમાં સફળ થયા બાદ તેઓ મોટાપાયે ઉત્પાદન કરવાનું પણ વિચારી રહ્યા છે.

આમ, શક્તિસિંહ પ્રાકૃતિક ખેતીના માર્ગે ચાલીને ઓછો ખર્ચે સારું ઉત્પાદન અને મબલખ નફો મેળવી રહ્યા છે. સાથોસાથ ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપી લોકો માટે આરોગ્ય મિત્ર બની રહ્યા છે. અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળી ધરતી માતાની પણ સેવા કરી રહ્યા છે.

### અરવિંદ કેજરીવાલની મુશ્કેલી વધી

# લીકર પોલિસી કૌભાંડ મામલે મળેલી જામીન પર હાઈકોર્ટે લગાવી રોક

## દિલ્હી હાઈકોર્ટે આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી અરવિંદ કેજરીવાલને જામીન આપવાનો રાઉઝ એવન્યુ કોર્ટનો આદેશ રદ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં કથિત મની લોન્ડિંગ કેસમાં તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે. દિલ્હીની નીચલી કોર્ટે ગઈકાલે તેમને જામીન આપી મોટી રાહત આપી હતી, જોકે આજે હાઈકોર્ટે તેમના જામીન પર રોક લગાવી દીધી છે. દિલ્હી હાઈકોર્ટે આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી છે. દરમિયાન દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કેજરીવાલને જામીન આપ્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ત્યારબાદ હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે, જ્યાં સુધી આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી કેજરીવાલને જામીન આપવાનો રાઉઝ એવન્યુ કોર્ટનો આદેશ રદ રહેશે. આ સાથે હાઈકોર્ટે ઈડીની અરજી પરનો નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, ઈડીની અરજી અંગે બેથી ત્રણ દિવસમાં નિર્ણય સંભળાવાશે. હાઈકોર્ટે વકીલને સોમવાર સુધીમાં દલીલો દાખલ કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે કેજરીવાલને એક દિવસ પહેલા જ ગુરુવારે ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા હતા



જેના વિરોધમાં ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ઈડીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટમાં અમને આ મામલે અમારી દલીલો રજૂ કરવા માટે પર્યાપ્ત સમય જ નહોતો અપાયો. ઈડીએ પીએમએલએની કલમ ૪૫નો હવાલો પણ આપ્યો હતો. ઈડી વતી એએસજી રાજૂએ કહ્યું હતું કે અમારો કેસ મજબૂત છે. આ સાથે તેમણે સિંઘવીની હાજરીનો પણ વિરોધ કર્યો હતો. ઈડીએ કહ્યું હતું કે તપાસ હવે અંતિમ તબક્કામાં છે ત્યારે કેજરીવાલને મુક્ત કરવાથી તપાસ પર અસર થશે કેમ કે આરોપી મુખ્યમંત્રી જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પર નિયુક્ત છે. ઉલ્લેખનીય છે કે ઈડીએ દિલ્હી એક્સાઈઝ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ૨૧ માર્ચે ધરપકડ કરી હતી.કેજરીવાલને જામીન આપવાના કોર્ટના આદેશ પછી આપ નેતા આતિશીએ જણાવ્યું હતું કે, સત્યનો વિજય થયો છે. દિલ્હી સરકારના મંત્રી આતિશીએ એક્સ પર લખ્યું હતું કે સત્ય મેવ જયતે. આમ આદમી પાર્ટીએ વધુમાં જણાવ્યું હતું કે, સત્યને ક્યારેય હરાવી શકાતું નથી. પાર્ટીએ એક્સ પર લખ્યું હતું કે, સત્ય મુશ્કેલીમાં મુકાઈ શકે છે પણ સત્યને હરાવી શકાતું નથી. ભાજપની ઈડીના તમામ વાંધાઓને ફગાવીને કેજરીવાલને જામીન આપ્યા છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ ન્યાય બિંદુએ એક લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ પર આપ નેતાને રાહત આપી હતી. કોર્ટે જામીનના આદેશ પર ૪૮ કલાક માટે સ્ટે મૂકવાની ઈડીની અપીલ પણ ફગાવી દીધી હતી.

### ન્યૂઝ બ્રિફ

## અમેરિકામાં હવામાં વિમાનો વચ્ચે આમને-સામને ટક્કર



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકામાં એક ભયાનક વિમાન અકસ્માત થયો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવારે દક્ષિણ ઈડાહોમાં એક એરપોર્ટ નજીક પાકની સંભાળમાં કામ આવતા વિમાનો સામ-સામે અથડાયા હતા. અથડાયા બાદ બંને વિમાન જમીન પર પડ્યા હતા. આ અકસ્માતમાં એક પાયલોટનું મૃત્યુ થયું હતું અને બીજાને જીવલેણ ઈજાઓ થઈ હતી. બટ્ટે કાઉન્ટી શેરિફ ઓફિસે જણાવ્યું હતું કે આ દુર્ઘટના ૨૧ જૂન બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. બટ્ટે કાઉન્ટી શેરિફ ઓફિસે જણાવ્યું હતું કે આર્કોમાં એરપોર્ટ નજીક ઘાસ અને પાકથી ઢંકાયેલા વિસ્તારમાં આ દુર્ઘટના બની હતી. આર્કો ઈડાહો ધોધથી લગભગ ૭૦ માઈલ (૧૧૩ કિલોમીટર) પશ્ચિમમાં છે. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનને ક્રેશની જાણ કરવામાં આવી છે અને કયા કારણે આ અકસ્માત થયો.

## NEET પેપર લીક : પિતા અને ડોક્ટર પુત્રની ધરપકડ




। (એજન્સી) પટણા, તા.૨૨ ।

નીતીશ કુમારનો ગૃહ જિલ્લો નાલંદા એક વખત ફરી ચર્ચામાં આવી ગયો છે. કારણ નીટ પેપર લીક મામલો છે. નીટ પેપર લીકના છેડા નાલંદા સાથે જોડાઈ ગયાં છે. સ્પેશિયલ ટાસ્ટ ફોર્સની ટીમે માસ્ટર માઈન્ડ પિતા-પુત્રની ધરપકડ કરી છે. એસટીએફના હાથે ચઢેલા સંજીવ મુખિયા અને તેનો પુત્ર ડોક્ટર શિવ કુમાર નાલંદા જિલ્લાના નગરનૌસાના મુતહાખાર ગામના રહેવાસી છે. આરોપી સંજીવનું આ પહેલા ૨૦૧૬માં સિપાહી ભરતી પરીક્ષાને લઈને બીપીએસસી સહિત અન્ય પરીક્ષાઓના પેપર લીકમાં નામ સામે આવ્યું હતું અને જેલ પણ ગયો હતો. ગ્રામજનોનું કહેવું છે કે સતત પેપર લીક મામલે પિતા-પુત્રનું નામ આવ્યાં બાદ પંચાયતનું નામ ખૂબ બદનામ થયું છે. મુખિયાના કાર્યકાળ દરમિયાન પણ ઘણા પ્રકારની અનિયમિતતા આ પંચાયતમાં આવી ચૂકી છે. શાહપુર ગામના ગ્રામજનોનું કહેવું છે કે પહેલા પણ સંજીવ મુખિયા અને તેના પુત્ર ડોક્ટર શિવનું નામ પેપર લીક મામલે આવી ચૂક્યું છે. શાહપુર ગામમાં જ સાંસદ ફંડ હેઠળ રોડ કાસ્ટીંગના કામમાં ભારે હેરાફેરી થઈ હતી. તેમાં પણ સંજીવ મુખિયાનું નામ સામે આવ્યું હતું.

### નિજ્જરની યાદમાં મૌન રાખવાની ભારતે નિંદા કરી

# કેનેડાની સંસદે બે મિનિટનું મૌન પાળીને નિજ્જને શ્રદ્ધાંજલિ આપી

## અમે સતત ભારપૂર્વક કહ્યું છે કે, ખાલિસ્તાની પ્રવૃત્તિઓ અમારા માટે ચિંતાનો વિષય છે : વિદેશ મંત્રાલયના પ્રવક્તા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કેનેડાની સંસદે બે મિનિટનું મૌન પાળીને ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરને શ્રદ્ધાંજલિ આપી હતી. હવે આ મામલે ભારતે પણ કેનેડાને આ જ ભાષામાં જવાબ આપ્યો છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નિજ્જરની યાદમાં મૌન રાખવાની નિંદા કરતા જણાવ્યું હતું કે 'અમે એવા તમામ પગલાનો વિરોધ કરે છે જે રાજકારણમાં કટ્ટરપંથી માટે જગ્યા બનાવે છે અને હિંસાની તરફેણ કરે છે.' ખાલિસ્તાની આતંકવાદ પર વિદેશ મંત્રાલયના



પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે સતત ભારપૂર્વક કહ્યું છે કે, 'ખાલિસ્તાની પ્રવૃત્તિઓ અમારા માટે ચિંતાનો વિષય છે. અમે કેનેડાની સરકાર સાથે કાર્યવાહી કરવા વારંવાર વાત કરી રહ્યા છીએ. કેનેડામાં ઉગ્રવાદીઓને રાજકીય સ્વતંત્રતા આપવામાં આવી છે. આવા લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.' કેનેડાની સંસદે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરને તેની પ્રથમ વરસીએ મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૩ જૂને કનિષ્ક વિમાન દુર્ઘટનાના ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ત્યારે કેનેડાની સંસદે આ શરમજનક કૃત્ય કર્યું હતું. ભારતે હરદીપ સિંહ નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરને ગયા વર્ષે ૧૮મી જૂને ગુરુદ્વારાના પાર્કિંગમાં હુમલાખોરોએ ઠાર માર્યો હતો.

### NASAની મોટી જાહેરાત

# ISROના અવકાશયાત્રીને ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટર મોકલવા માટેની તૈયારીઓ

## ભારત-અમેરિકામાં NASA - ISRO મળીને ISRO સિન્થેટિક એપરચર રડાર એટલે કે NISAR લોન્ચ કરવા જઈ રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત અને અમેરિકા અંતરિક્ષ ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ઘણા પગલાં લેવા જઈ રહ્યા છે. નાસાના એડમિનિસ્ટ્રેટર બિલ નેલ્સને હાલમાં કહ્યું છે કે, અમેરિકન સ્પેસ એજન્સી ISROના એક અવકાશયાત્રીને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માં રહેવાની તાલીમ આપીને ત્યાં મોકલવામાં આવશે. ક્રિટિકલ એન્ડ એડવાન્સ ટેક્નોલોજી (iCET)ને પ્રોત્સાહન આપવા માટે ભારત અને અમેરિકા સાથે મળીને આગળ વધશે. તેમણે વધુમાં કહ્યું કે, ગયા વર્ષે




અમે ભારત ગયા હતા. ભારત અને અમેરિકા માનવતાના ભલા માટે સાથે મળીને કામ કરવા તૈયાર છે. બિલ નેલ્સને કહ્યું કે, "અમે અવકાશના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરીશું અને ISRO તરફથી એક અવકાશયાત્રીને ISS પર જવા, ત્યાં રહેવા અને પાછા ફરવાની તાલીમ આપવામાં આવશે. આ ભવિષ્યમાં અવકાશ વિજ્ઞાનને આગળ વધારવામાં મદદ કરશે." તેણે આ વાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહી છે. ઉલ્લેખનીય છે કે, નેલ્સને આ વાત ભારતના સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને તેમના સમકક્ષ જેક સુલિવન વચ્ચેની બેઠક બાદ કહી હતી. સુલિવને સોમવારે કહ્યું હતું કે, ISRO અવકાશયાત્રીઓને અદ્યતન તાલીમ આપવામાં આવશે.



નવી દિલ્હીમાં હેદરાબાદ હાઉસ ખાતે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત પ્રેસ સ્ટેટમેન્ટમાં જોડાયા હતા.

### ફિલ્મ ટૂંક સમયમાં થશે રિલીઝ

## વિવાદિત ઓટીટી ફિલ્મ "મહારાજ" પરથી ગુજરાત હાઈકોર્ટે સ્ટે હટાવ્યો



। નવી દિલ્હી, તા.૨૨ ।

બોલીવુડના દિગ્ગજ અભિનેતા આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન ટૂંક સમયમાં ફિલ્મ ઈંડસ્ટ્રીમાં ડેબ્યૂ કરવાના છે. તેમની પ્રથમ ઓટીટી ફિલ્મ 'મહારાજ' સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થવાની છે. જો કે, ફિલ્મ પહેલાં જ વિવાદોમાં ઘેરાઈ ગઈ છે અને તેને હિંદુ સમુદાયોની ટીકાનો સામનો પણ કરવો પડી રહ્યો છે. જેને લઈને સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટે હાલ ટેમ્પરલી સ્ટે લગાવ્યો હતો અને ફિલ્મ જોયા બાદ ફેંસલો લેવાનો નિર્ણય લીધો હતો. આજે (૨૧ જૂને) ગુજરાત હાઈકોર્ટે ફિલ્મ પર લગાવેલા સ્ટેને દૂર કરી દીધો છે. જેથી આગામી ટૂંક સમયમાં ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવામાં આવશે. મહારાજ ફિલ્મ પર લગાવેલા સ્ટેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. હાઈકોર્ટે આ ફિલ્મ જોયા બાદ તેમાં કોઈ નકારાત્મક બાબત લાગી ન હતી. ફિલ્મ ધાર્મિક લાગણીઓ દુભાવનારી નથી. હાઈકોર્ટે વચગાળાનો સ્ટે દૂર કરતા ટૂંક સમયમાં આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે. બ્રાહ્મણ સમુદાય અને વૈષ્ણવ સંપ્રદાયના લોકોએ ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે તેમાં સનાતન ધર્મ અને હિંદુ દેવી-દેવતાઓ વિરૂદ્ધ ઝેર ઓંકવામાં આવ્યું છે. ફિલ્મ નિર્માતાઓને ચેતાવણી આપવામાં આવી છે કે જો ફિલ્મ પર પ્રતિબંધ લગાવવામાં નહી આવે તો દેશભરમાં હિંસક આંદોલન કરવામાં આવશે. વિરોધ કરી રહેલા લોકોના અનુસાર ફિલ્મમાં સનાતન ધર્મ, શ્રીવલ્લભાચાર્યજી અને ભગવાન શ્રીકૃષ્ણ વિરૂદ્ધ ઘણા સીન બતાવવામાં આવ્યા છે. જુનૈદ ખાન અને જયદીપ અહલાવત અભિનીત ફિલ્મ મહારાજ ૧૮૬૨ના મહારાજ માનહાનિ કેસની સત્ય ઘટનાથી પ્રેરિત છે. જેને ભારતની સૌથી મહત્ત્વપૂર્ણ કાયદાકીય લડાઈઓમાંથી એક ગણવામાં આવે છે. જુનૈદ ખાન પત્રકાર અને સમાજ સુધારક કરસનદાસ મૂળજીની ભૂમિકા ભજવી રહ્યા છે. અહલાવત વલ્લભાચાર્ય સંપ્રદાયના પ્રમુખોમાંથી એક જદુનાથજી બૃજરતનજી મહારાજની ભૂમિકા ભજવશે. આ કેસ ધાર્મિક નેતા બૃજરતનજી મહારાજના કથિત જાતીય દુરાચારને ઉજાગર કરવા માટે વાસ્તવિક જીવનના પત્રકાર કરસનદાસ મૂળજી વચ્ચે લડાઈ લડવામાં આવી હતી. 'મહારાજ લિબેલ કેસ'- ના નામે ઓળખવામાં આવે છે.

### કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ

# અમદાવાદમાં NEET કૌભાંડ મામલે કોંગ્રેસનો હલ્લાબોલ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ સહિત દેશના સમગ્ર રાજ્યોમાં પૈસા દો, પેપર લો', જેવા સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસે અનોખો વિરોધ નોંધાયો છે. ત્યારે અમદાવાદ શહેરમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત કોંગ્રેસના મોટા નેતાઓ, NSUI કાર્યકર્તાઓ, સેવાદળના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં ૫૦૦ના દરની નકલી ચલણી નોટોના બંડલો ઉછાળવામાં આવ્યા હતા. કાર્યકરોએ નારેબાજી કરી હતી. ગ્લુકોઝના બાટલા મુકીને તંત્ર માંદગીમાં છે એવા સુત્રોચ્ચાર કર્યા હતાં. દ્વઈઈ્ પરીક્ષા કૌભાંડ સાથે જોડાયેલા આરોપીઓને જેલ ભેગા કરવા ઉગ્ર માંગ કરી હતી. ગુજરાત સાહિત સમગ્ર દેશમાં કોંગ્રેસ દ્વારા NEET પેપર લીક કૌભાંડ મામલે કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંગે ગુજરાતમાં કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્ય શૈલેશ પરમાર, વિપક્ષ નેતા શેહઝાદખાન પઠાણ, પ્રદેશ પ્રવકતા મનીષ દોશી, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, NSUI કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં જોડાઈને ઉગ્ર વિરોધ નોંધાયો હતો.

### ભૂલ સુધારવા માટે ૧૫ દિવસનો સમય આપ્યો

# ટાટાની એરલાઇન કંપની એર ઈન્ડિયાને ફરી નોટિસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ટાટા ગ્રુપની એર ઈન્ડિયા એરલાઈન ફરી એકવાર ચર્ચામાં આવી છે. હકીકતમાં, ભારતના ફૂડ રેગ્યુલેટર FSSAIએ ફલાઈટમાં ખાદ્ય પદાર્થોમાં બ્લેડ જેવી વસ્તુ મળવાના મામલામાં એરલાઈન કંપનીને કરેક્શન નોટિસ જારી કરી છે. એરલાઈનની ખાદ્ય સામગ્રીની સપ્લાય તાજસેટ્સ દ્વારા કરવામાં આવે છે. FSSAIએ એરલાઇન કંપનીને ભૂલ સુધારવા માટે ૧૫ દિવસનો સમય પણ આપ્યો છે. બેંગલુરુથી સાન ફ્રાન્સિસ્કો જતી એર ઈન્ડિયાની ફલાઈટમાં મુસાફરોને પીરસવામાં આવેલા ભોજનમાં બ્લેડ જેવી વસ્તુ મળી આવી હતી. આ પહેલા પણ ફલાઈટમાં મુસાફરોએ ઘણી વખત ખોરાકની ખરાબ ગુણવત્તાની ફરિયાદ કરી છે. હાલમાં જ ખાદ્ય ચીજવસ્તુમાં બ્લેડ જેવી વસ્તુ મળી આવતા આ નોટિસ પાઠવવામાં આવી છે. આ ઘટના ૯ જૂનના રોજ બની હતી. FSSAIએ TajSATS બેંગલુરુ ખાતે એક નિરીક્ષણ હાથ ધર્યું. ત્યાંથી એરલાઈન્સને ખાદ્યપદાર્થો સપ્લાય કરવામાં આવ્યા હતા. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ હેઠળ, જો કોઈ ફૂડ બિઝનેસ ઓપરેટર કોઈપણ નિયમનું

# યુવકની જાણ બહાર ડોક્ટરે તેનો પ્રાઈવેટ પાર્ટ કાપ્યો

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિએ મેડિકલ કોલેજના ડોકટરો સાથે સાંઠ-ગાંઠ કરીને પોતાના જ એક સાથી યુવકનું લિંગ પરિવર્તન કરાવી દીધું હતું. શખસે તેના મિત્રને અંધારામાં રાખ્યો અને બાદમાં એને ઓપરેશન થિયેટરમાં મોકલી બેભાન કરી એનો પ્રાઈવેટ પાર્ટ જ કપાવી કાઢ્યો હતો. આ ઘટના આખા વિસ્તારમાં આગની જેમ ફેલાઈ ગઈ હતી. જેના કારણે હવે ડોકટર અને આ શખસ વિરૂદ્ધ કડક એક્શન લેવાય એની માગ ઊઠી



ગઈ છે. આ ઘટના મંસૂરપુર પોલીસ સ્ટેશન વિસ્તારનાં બેગરાજપુર મેડિકલ કોલેજની છે. તેવામાં આરોપ છે કે અહીં સાંઝક ગામના રહેવાસી ૨૦ વર્ષીય યુવકને એક ખાસ મિત્રએ બરાબરનો ધંધે લગાડી દીધો હતો. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ સમયે ૩ જૂનના દિવસે ૨૦ વર્ષીય યુવકનો પ્રાઈવેટ પાર્ટ કાપવાના ઈરાદે તેનો દોસ્ત હોસ્પિટલ લઈ ગયો હતો. અહીં તેણે મેડિકલ કોલેજના ડોકટરો સાથે સાંઠગાંઠ કરી દીધી હતી. બાદમાં યુવકની મરજી વિના તેનો પ્રાઈવેટ પાર્ટ કપાવી કાઢ્યો હતો. એટલું જ નહીં બાદમાં તેને ડરાવી ધમકાવીને લિંગ પરિવર્તન પણ કરી દીધું હતું. હવે આ દરમિયાન પીડિતે કહ્યું કે છેલ્લા ૨ વર્ષથી તે મને ડરાવી અને ધમકાવી રહ્યો છે. એટલું જ નહીં આવી રીતે મારી સાથે ખોટા ખોટા કામ કરી રહ્યો છે અને પિંખી નાખે છે. આવી સ્થિતિમાં લગ્ન કરવાની તેની કોટી ઈચ્છા પૂરી કરવા માટે તેણે હોસ્પિટલમાં પીડિતનું ઓપરેશન કરાવી દીધું હોવાનો દાવો કરાઈ રહ્યો છે. પીડિત યુવકે વધુમાં કહ્યું કે આ પ્રમાણે અજાણતા મારો પ્રાઈવેટ પાર્ટ કપાવી કાઢ્યો અને બાદમાં મને આ મિત્રએ જબરદસ્તી કરી લિંગ પરિવર્તન કરાવી દીધું હતું. આના પછી એ શખસે ડરાવી ધમકાવી મને કહ્યું કે હવે તો તું છોકરી બની ગયો છે એટલે આપણા લગ્ન થઈ શકશે. હવે આ મામલે કાયદેસરની કાર્યવાહીની માગ કરવામાં આવી રહી છે. આ પીડિત વ્યક્તિ હવે આરોપી શખસ અને ડોકટર વિરૂદ્ધ સ્ટ્રિક્ટ એક્શન લેવાની માગ પણ કરી રહ્યો છે.

## તંત્રી લેખ...

# આપણે જેટલું પ્રશ્નો દૂર ભાગીએ, એટલું તેને સમેટતા જઈએ છીએ

જીવન હાર-જીતની જંગ છે. આ દ્વંદ્વ દરમ્યાન મસ્તિષ્કમાં કેટલાય પ્રશ્નો ઊઠતા રહે છે. જેટલા આપણે પ્રશ્નોથી દૂર ભાગીએ છીએ, એટલું સમેટતા જઈએ છીએ. કહેવામાં આવ્યું કે વીતેલી કાલ પરથી શીખો, આજમાં જીવો અને આવનાર કાલ માટે આશાને જીવિત રાખો. સૌથી જરૂરી છે કે પ્રશ્ન પૂછવાનું બંધ નકરો, કારણ કે આ પ્રશ્નોમાં જ જીવનની જીત કે હાર છૂપાયેલી હોય છે. જીવન સાપ-સીડીનો ખેલ છે. તેમાં એકથી શરૂ થઈને સો અંક સુધી પહોંચવાની કોશિશ કરવામાં આવે છે. આગળ વધતાં આપણને રસ્તામાં સાપ અને સીડી બંને મળે છે, જીવનમાં એ જ રીતે સફળતા-અસફળતા, બંનેનો સામનો કરવો પડે છે. ક્યારેક જીતની બહુ નજીક પહોંચનારો ખેલાડી સાપના ડસવાને કારણે ખેલની શરૂઆતમાં પહોંચી જાય છે અને બહુ પાછળ ચાલી રહેલ ખેલાડી સીડી મળવાને કારણે આગળ પહોંચી જાય છે. કેટલાય લોકો જીવનમાં સીડી રૂપી અવસર મળવાથી બીજાઓ કરતાં આગળ નીકળી જાય છે અને ત્યાં જ બીજી તરફ કેટલાય આગળ નીકળી ચૂકેલા લોકો સાપ રૂપી સમસ્યાને કારણે જીવનમાં પાછળ પડી જાય છે. જીવનમાં દરેક વ્યક્તિને ક્યારેક સફળતાના અવસર મળે છે તો ક્યારેક મુસીબતોના પહાડ તૂટી પડે છે. જરૂરિયાત છે સંતુલન બનાવવાની, હિંમત રાખવાની, આશાને કાયમ રાખવાની, કારણ કે જીવન ક્યારેય એક જેવું નથી ચાલતું. કષ્ટ અને વિપત્તિ મનુષ્યને શિક્ષા આપનારા શ્રેષ્ઠ ગુણો છે. જે સાહસ સાથે તેમનો સામનો કરે છે, તે વિજયી થાય છે. નિરાશ ન થાવ, અસફળતાના દોરમાં યાદ રાખો કે માત્ર એક સોનેરી અવસર તમને ઘણે આગળ પહોંચાડી શકે છે. બીજી તરફ જો તમે જીવનમાં ઘણે આગળ ચાલી રહ્યા હો તો એ વાતનો ઘમંડ ન રાખો, કારણ કે એક મુસીબત તમને જમીન દેખાડી શકે છે. આપણે જીવનના સારા-ખરાબ સમયનું અંકન સંતુલિત થઈને યોગ્ય રીતે કરવાનું શીખીએ. એટલા માટે કહેવામાં આવ્યું છે કે તમારી આંખોથી તારાઓ તરફ જોતાં પહેલાં તમારા પગ જમીન પર ટેકવો. સફળતા પ્રાપ્ત કરવા માટે અને સફળ થવા માટે તમારે જીવનમાં કેટલીક વસ્તુઓનુ સન્માન કરવુ જોઈએ. આનો આદર-સન્માન કરવા પર માં લક્ષ્મી પણ તમારાથી પ્રસન્ન થાય છે, જીવનમાં દરેક વ્યક્તિ સફળતા ઈચ્છે છે, સફળતાની ચાવી જેને મળી જાય, તે પોતાની કિસ્મતના બંધ દરવાજા પણ ખોલી શકે છે, પરંતુ આ કોઈ એવા વ્યક્તિને જ પ્રાપ્ત થાય છે, જેમાં વિશેષ ગુણ અને જ્ઞાન હોય છે. જીવનમાં સફળતા રાતોરાત નથી મળતી. હા, કોઈને લોટરી લાગે કે સ્ટોક માર્કેટ ઉપર જાય તો રાતોરાત પૈસાનો ઢગલો મળે. જો તેને સફળતા કહેતાં હો તો વાત અલગ છે! બાકી વર્ષોની મહેનત યા તપસ્ચર્યા પછી નસિબ હોય તો સફળતા મળે. એવા દાખલા મોજુદ છે ઘણાને મૃત્યુ પછી સફળતા મળી હોય. લોકો બીજાનો આભાર માને છે.

## વર્ષ ૨૦૨૪એ માનવ સભ્યતાના ઇતિહાસનું સૌથી ગરમ વર્ષ બની શકે છે

છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક તાપમાન નવા-નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. આ વર્ષે ભારત સહિત દુનિયાના કેટલાય દેશોમાં જેટલી આકરી ગરમી પડી રહી છે, એનાથી નક્કી લાગે છે કે વર્ષ ૨૦૨૪ માનવ સભ્યતાના ઈતિહાસનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. એ આશંકા એ તમામ ચેતવણીઓનો નિચોડ છે, જેમાં દાવો કરવામાં આવે છે કે જો માણસે ગ્લોબલ વોર્મિંગને અટકાવવા અને જળવાયુ પરિવર્તનની હાલની ચાલને પલટવાની વ્યવસ્થા ન કરી તો બની શકે કે ગરમી માનવ સભ્યતાના વિનાશનું કારણ બની જાય. શું દુનિયાને આ આકરી ગરમીથી છૂટકારો મળી શકે છે કે પછી તે આ જ રીતે વધતી રહેશે? હાલમાં સંપન્ન લોકસભા ચૂંટણીઓ દરમ્યાન દેશના અલગ-અલગ હિસ્સામાં મતદાન દરમ્યાન લોકોનાં ગરમીને કારણે મોતના સમાચારો મળતા હતા. આ તરફ સઉદી અરબમાં હજ કરવા ગયેલા કેટલાક લોકોના મોતનું કારણ પર ભારે ગરમી ગણાવવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુનિયાભરમાં દર વર્ષે કામકાજ દરમ્યાન લગભગ ૧૯ હજાર લોકો માત્ર ગરમીને કારણે માર્યા જાય છે. હાલમાં એવા આંકડા પણ સામે આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો કે દિલ્હીના મુંગેશપુરમાં પારો ૫૨ ડિગ્રીને પાર કરી ગયો. ગરમીની સિઝનમાં એમ તો શહેર, ગામ, પહાડ, જંગલ - બધી જગ્યાએ સૂરજ પોતાનો પ્રકોપ દેખાડે છે, પરંતુ હાલનાં વર્ષોમાં એ વાત નોંધવામાં આવી છે કે હવે ભારતનાં શહેરો કેટલાક વધારે જ તપવા લાગ્યા છે. મે મહિનાના મધ્યથી ભીષણ ગરમીની જે અસર આપણાં શહેરોમાં દેખાવા લાગી, તેણે હાહાકાર મચાવનારી હાલતનાં દર્શન કરાવી દીધાં. માત્ર દિલ્હી જ નહીં મુંબઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નઈ સહિત કેટલાય શહેરોમાં લોકો ગરમીને કારણે ત્રાહિ-ત્રાહિ કરી રહ્યા છે. વિજ્ઞાની તેને અર્બન હીટ આઈલેન્ડનો પ્રકોપ ગણાવી રહ્યા છે. અર્બન હીટ આઈલેન્ડનો સિદ્ધાંત કહે છે કે શહેરોનો કૃત્રિમ વિકાસ એટલો વધારે થઈ જાય કે ગરમીનો સામનો કરવાની અને તેની અસરને ઓછી કરનારી પ્રાકૃતિક વ્યવસ્થા કે કવર ચોપટ થઈ જાય તો એવું જ પ્રચંડ તાપમાન દેખાય છે. હરિયાળી ખતમ થવા, કોંક્રીટના જંગલ ઉગી જવા, ઘરોમાં એર કંડિશનરોનો પ્રયોગ બેહદ સામાન્ય થઈજવો, સડકો પર ગરમી અને ગેસ ઓકતી કારોની સંખ્યા બેફામ વધી જવાથી પેદા થયેલ ગરમી શહેરોના વાતાવરણમાં ફસાઈ જાય છે અને હવામાનને બેહદ ગરમ કરી દે છે. હરિયાળી ગાયબ થવાની સાથે સાથે આ શહેરોના નદી-નાળાં સૂકાઈ જાય અને જળાશયો-તળાવ ખતમ થઈ જાય તો તાપમાનને નિયંત્રિત કરનારી વ્યવસ્થા ધ્વસ્ત થઈજાય છે અને મામસ તથા જાનવર વર્ષ-દર-વર્ષ પહેલાંના મુકાબલે વધુ ગરમી સહન કરવા મજબૂર થઈ જાય છે. શહેરોમાં ગરમી દરમ્યાન માત્ર યાંત્રિક દુર્ઘટનાઓ જ નથી વધી. એટલે કે ગરમીની અસર એર કંડિશનર વગેરે ઉપકરણોના અત્યધિક ગરમ થઈ જવા અને તેમાં આગ પકડી લેવા સુધી સીમિત નથી, જેમને કારણે કેટલાય શહેરોમાં અગ્નિકાંડ વધી ગયા છે. બલ્કે વધતા તાપમાન સાથે માણસોમાં સિઝનલ ઈફેક્ટિવ ડિસઓર્ડરની સ્થિતિ પેદા થઈ ગઈ છે. તેના પ્રભાવતી લોકોના દિમાગમાં મળતા ન્યૂરો ટ્રાન્સમીટરમાં ઝડપથી બદલાવ આવે છે. આ પરિવર્તન લોકોને આત્મહત્યા જેવાં પગલાં ઉઠાવવા પ્રેરિત કરે છે. ૨૦૧૮માં અમેરિકી યુનિવર્સિટી સ્ટેનફોર્ડના શોધકર્તાઓએ ગરમ હવામાન અને વધતા આત્મહત્યા દર વચ્ચે એક મજબૂત સંબંધ જોયો હતો. સ્ટેન્ફોર્ડના અર્થશાસ્ત્રી માર્શલ બર્કના નેતૃત્વમાં કરવામાં આવેલ અધ્યયનના આધાર પર દાવો કરવામાં આવ્યો હતો.

**૫૦ વર્ષ પહેલાનો યુગ સાવ જુદો હતો, ત્યારે વિદ્યાર્થીઓ ચાલીને સ્કૂલે જતાં, અને બહુ બહુ તો સાયકલ હોય, બસ એનાથી વધુ કંઈ નહીં**

# દેશનો સર્વાંગી વિકાસ કરવો હોય તો વિદ્યાર્થી માટે સાયકલને યુનિફોર્મમા સમાવી શકાય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આજના વિદ્યાર્થીઓ માટે સાયકલ એ કોઈ ખાસ યાદગીરીની વસ્તુ નથી, પણ અમારા સમયમાં તો એ એક જાદુઈ છડીનું કામ કરતી, અને એની પર સવાર થઈને નીકળીએ જાણે રાજકુંવરી જેવું લાગતું. આમ પણ આજકાલનાં માતાપિતા સંતાનોને સંઘર્ષ એ જીવનનું એક મહત્વનું પાસું છે એ સમજાવવાનાં મતનાં નથી.**

૩ જૂન એટલે વર્લ્ડ સાયકલ ડે હતો, અને અન્ય લેખમાં ભૂલાતી જતી સંસ્કૃતિની જેમ સાયકલ પણ ભૂલાઈ ગઈ. સાયકલ એ એક એવું સાધન છે, જે તમારી સફરને યાદગાર બનાવે છે, અને ઉપરાંત તમને તંદુરસ્તી પણ બક્ષે છે. આજે હેલ્થ માટે ડોકટરના કહેવાથી સાયકલ ઘણા ફેરવે છે, પણ સમાજમાં સાયકલ એ મુફલિસ હોય એ જ ફેરવે, એવી એક માન્યતા થઈ ગઈ છે,જે સાવ ખોટું છે. જે રીતે પેટ્રોલ ડીઝલનાં ભાવ વધે છે, એ જોતાં આવનાર સમયમાં બધાએ સાયકલ જ ફેરવવી પડશે. એક કારણ તો જાણે પેટ્રોલનું છે, તો બીજું કારણ વધતું જતું પોલ્યુશન જે સૌથી ખતરનાક છે, અને આ વાહનોનો ધુમાડો જીવલેણ સાબિત થતો જાય છે, ત્યારે સાયકલ એ એક પરફેક્ટ વાહન છે. આજના વિદ્યાર્થીઓ માટે સાયકલ એ કોઈ ખાસ યાદગીરીની વસ્તુ નથી, પણ અમારા સમયમાં તો એ એક જાદુઈ છડીનું કામ કરતી, અને એની પર સવાર થઈને નીકળીએ જાણે રાજકુંવરી જેવું લાગતું. આમ પણ આજકાલનાં માતાપિતા સંતાનોને સંઘર્ષ એ જીવનનું એક મહત્વનું પાસું છે એ સમજાવવાનાં મતનાં નથી એવું એમની લકઝરી જેવી લાઈફ સ્ટાઈલથી જોવા મળે. આજથી ૫૦ વર્ષ પહેલાનો યુગ સાવ જુદો હતો, ત્યારે વિદ્યાર્થીઓ ચાલીને સ્કૂલે જતાં, અને બહુ બહુ તો સાયકલ હોય, બસ એનાથી વધુ કંઈ નહીં. હા બહુ દૂરથી આવતા હોય એની માટે સીટી બસ કે સ્કૂલ બસની વ્યવસ્થા રહેતી, પણ સ્કુટર અને બાઈકનો એ યુગ નહોતો. કોઈની મમ્મી લેવા મુકવા આવે, એવું પણ બહુ ઓછું બનતું, કારણ કે મહિલાઓ પાસે પણ પોતાના સ્વતંત્ર સ્કૂટર એ જમાનામાં નહોતા, અને આ ફોન નામનું રમકડું તો હતું જ નહીં. લેન્ડ લાઈન ફોન અને કલર ટીવી આ બે સાધનો જેના ઘરમાં હોય એ પૈસાદાર માણસ ગણાય, એવી સૌની જીવન પદ્ધતિ હતી. યુવક હોય તો યુવક મિત્ર સાથે ચાલીને સ્કૂલે જાય, અથવા સાઈકલ પર જાય, જ્યારે યુવતીઓ પણ ચાલીને જતી. એવામાં એસએસસીની પરીક્ષાઓ પાસ કરી, ઘરમાં દાદીએ વચન આપ્યું હતું કે, ફર્સ્ટ ક્લાસ પાસ થઈશ તો સાયકલ અપાવીશ, અને પરિણામ આવતા ફર્સ્ટ ક્લાસની બદલે ડિસ્ટીંક્શન માર્ક સાથે પાસ થઈ, એટલે ચાર ભાઈ બેનમાં પહેલી સાઈકલ ઘરમાં આવી.સાયકલ દાદીએ અપાવી અને વેકેશનમાં નાનાબાપુ ને ઘેર જતાં શીખવી મામા એ! ઈનામ ભલે મેં જીત્યું, પણ સાયકલના હકદાર બાકીના બધા થયાં, અને અઠવાડિયાના ભાગ પાડવામાં આવ્યાં, કયા દિવસે કોને સાયકલ લઈ જવાની એનું ટાઈમ ટેબલ બન્યું, ભાઈ બહેનોમાં થાય એવી સાયકલ માટે મીઠી તકરાર અને નિર્દોષ મસ્તીઓ પણ થતી, ટૂંકમાં અંદરોઅંદર ખેંચતાણ થતી, કે આજે તો મારે જ વધારે જરૂરિયાત છે, સ્કૂલે જવામાં મોડું થઈ ગયું, અથવા તો ફ્રી પિરિયર્ડ છે, અને સાઈકલ હોય તો જ આવી શકાય વગેરે વગેરે. સાયકલ સાથે તો સૌ કોઈનાં કેટલાય અનુભવ જોડાયેલા હોય! જેમ કે ઉંમરની નાદાનિયતને કારણે ક્યારેક-ક્યારેક ખોટું બોલી, અને સ્કૂલમાંથી રજા લઈને ફરવા જતાં, અને દૂર-દૂર સુધી સહેલીઓ સાથે સાયકલ ઉપર રેસ લગાવી ફરતા, બોર તળાવને કિનારે જવું, તખ્તેશ્વરની ટેકરી ચડવા જવું,અને નિલમબાગ પેલેસ, વિક્ટોરિયા ગાર્ડન, વગેરેમાં ફરવા નીકળી પડતાં એમાં અધવચ્ચે અણીદાર પથ્થર આવી જાય અને સાયકલમાં પંચર પડે, અજાણ્યો અને એકાંત રસ્તો હોય, ત્યારે થોડીવાર આ સાહસ પર ચિંતાનો ભાવ પણ આવે, ત્યારે થોડો ડર પણ લાગે, તો કોઈ જોઈ જશે તો ખોટી ચુગલી થશે એવું પણ લાગે, પરંતુ ક્ષણિકના એ બધા જ ભાવ સામે, આ બધી મસ્તી એટલી આનંદદાયક હતી, એક વાર સાઈકલનાં પૈડામાં ઓઢણી આવી ગઈ, અને અંતે ઓઢણી કાપવી પડી હતી, તો એકવાર ફુલ ફાસ્ટ ચલાવવામાં બ્રેક ફેઈલ થઈ જતાં સામે ના વાહન સાથે અથડાયા પણ હતાં. રસ્તા પર પડવું થોડું શરમ જેવું થાય, વળી પાછા સાયકલ પર સવાર થઈ, અને પવન પાવડીની જેમ ભાગવાનું! આવું તો કંઈ કેટલીય વાર બન્યુ હશે. પરંતુ હું અને મારી સાઈકલ એક અજબ ગજબનો નાતો હતો, એની સાથે ૧૪ વર્ષથી શરૂ કરી અને ૧૯ વર્ષ સુધી તેના થકી જ સવાર પડતી, એટલે કે ઊઠીને રોજિંદું કાર્ય પરવારી સાયન્સ હોવાથી સાયકલ લઈને નીકળી પડવાનું, તે છેક રાત સુધી ટ્યુશન ક્લાસીસ વગેરે પતાવી અને આઠ વાગે ઘરે આવવાનું. ત્યાં સુધીનો સાયકલ એ અનન્ય સાથી. ટૂંકા મોટા રસ્તે સમય પ્રમાણે તેની સ્પીડ રાખી અને પીરીયડની દસ મિનિટ પહેલા ઘરેથી નીકળ્યા હોવા છતાં ક્યારેય એણે મોડી પહોંચાડી નથી. ઘંટડી વગાડવાનો પણ સમય ન રહેતો, અને ક્યારેક તો સીટ પર ઊંચા થઈ ફાસ્ટ પેડલ મારીને પણ ચલાવી પડતી. કોઈવાર ઓછી હવા એ સાયકલ ચલાવીએ અને એમાં પણ જો સામેનો પવન હોય તો ગોટલા ભરાઈ જાય, પરંતુ ઢાળ ચડવો અને ઢાળ ઉતરવાની જે મજા હતી, એ સ્કૂટરમાં કે બાઈકમાં ક્યારેય આવે નહીં, એકાંત રસ્તા પર જાણે સર્કસનાં દાવ કરતા હોય, તેમ સહેલી સાથે હાથ પકડી, અને ખુલ્લા હાથે સાયકલ ચલાવવાની, અને એમાં સામેથી જો કોઈ વાહન દેખાય તો આવી બન્યું, ટાટિયા પેટમાં જતાં દેખાય, અને છોલાયેલો ગોઠાણ, કે ફાટેલા કપડાં લઈને ઘરે જઈએ, એટલે સ્વાભાવિકપણે જ ઘરમાં ખીજ પડે કે શાંતિથી ચલાવતી હો તો! કાલથી સાયકલ બંધ!! આવું બધું પણ થતું, અને ભાઈઓ રાજી પણ થતાં,કે સાયકલ બંધ થાય તો આપણને વધુ વાર મળે.પછી તો બીજી બે સાઈકલો આવી, અને ધીરે ધીરે અંદરોઅંદરની ખેંચતાણ ઓછી થઈ ગઈ. આજે તો હવે સાઈકલનું ચલણ ઘણું ઓછું થઈ ગયું છે. માત્ર બે પૈડાંની સીધીસાદી કારીગરીથી બનતું સાવ હળવું યંત્ર પણ જેના અનેક ફાયદા છે. દેશના વિકાસ માટે શિક્ષણ પદ્ધતિ માં બદલાવ જરૂરી છે એ જ રીતે શાળાના વિદ્યાર્થી માટે સાયકલ ફરજિયાત બનાવવી જોઈએ. સૌથી મોટો ફાયદો સૌને પોસાય એટલે વિદ્યાર્થી દેખાદેખી થી બચે, બીજું એ એક કસરત હોવાથી એનું શારિરીક સ્વાસ્થ વધે.ત્રીજુ વાતાવરણમાં પ્રદૂષણ ઓછું થાય અને ઓક્સિજન જળવાઈ રહે! ચોથું નાદાન ઉંમરમાં વાહન આવવાથી દિવસે દહાડે થતાં અકસ્માતનું પ્રમાણ ઘટે! પાંચમું પરિવારના પેટ્રોલ ડીઝલનાં રુપિયા બચે! અને એ રીતે માતાપિતાનું સ્ટ્રેસ પણ ઓછું રહે. આજકાલ મધ્યમ વર્ગના માતા-પિતા પણ પોતાના બાળકને લાડ લડાવવાના રૂપે થોડા જ મોટા થાય, ત્યાં સ્કૂટરો અપાવતા થઈ ગયા છે. પણ સાયકલ જેવી મજા ને અને બીજું શારીરિક સ્વાસ્થ્ય માટે, પણ સાયકલિંગ એ બહુ સારી કસરત છે જે ઓછી થતાં બાળકોમાં ધીરે ધીરે મેદસ્વિતા, અને બીજા રોગોનું પ્રમાણ વધી ગયું છે.આ ઉપરાંત ખોરાક પણ એવા અને ઉપરથી કોઈ જ કસરત પણ નહીં, અને શેરી રમતો પણ બંધ થઈ, એટલે ફોન, લેપટોપ કે વિડીયો ગેમ બધી રમતો રમી, અને તેણે પોતાનો શારીરિક વિકાસ રોકી દીધો છે. આંતરિક વિકાસ પણ બહુ જોઈએ એવો થતો નથી. કારણ કે રમવા માટે કોઈ છે જ નહીં, અને શિક્ષણને નામે સ્પર્ધાઓ જ વિદ્યાર્થીઓના રસ્તામાં પાથરી દીધી છે, એ રસ્તા પર સાયકલિંગનો કોઈ અવકાશ જ નથી,આવો કોઈ શોખ જીવનમાં હોવો બહુ જ જરૂરી છે. હવે તો દુનિયાના અમુક દેશોમાં પટ્રોલ બચાવવા લોકો સાયકલીંગ કરે છે. જેનાથી એક સાથે બે ફાયદા, પેટ્રોલ બચશે અને શારીરિક તંદુરસ્તી વધશે. પણ ભારતની અને એમાં પણ ગુજરાતની પ્રજા દિવસે દિવસે ખાવાનું, અને ન ખાવાનું ખાઈને આળસુ થતી જાય છે, અને શરીર હવે રોગનો અડ્ડો બની ગયું હોય, તેમ કેટલાય રોગ નાની ઉંમરથી લાગું પડી જાય છે.આવક હોય કે ન હોય દરેક જણ પોતાના સંતાનોને ખોટાં સ્ટેટ્સને નામે લોન લઈને મોંઘા મોંઘા વાહનો, સેલ ફોન, અને લેપટોપ અપાવે છે, આમાં સાયકલ તો ક્યાંય એક ખૂણામાં ધૂળ ચડેલી પડી હોય. પરંતુ સાયકલ એ એક સાધન નથી સાથી છે, કે જે પેટ્રોલ કે ડીઝલથી નહીં પણ ચલાવનારના વિચારોથી ચાલે છે.

**રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો**

# ઈશ્વર સદા અને સર્વદા એક સ્વરૂપ છે, એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી, એ પોતે આનંદરૂપ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે, વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો, અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવી ને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે, આ દશ્ય જગત અસત્ય છે.**

જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે. જગતના પદાર્થો દુઃખરૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવી ને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠાને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે,તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતી ની કંઠી પરમાત્માએ પોતાના ડોકમાં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્યવિષય કયો?અને ભાગવતનો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે.મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તોએ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી. નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ? તેમાં નિષ્કામ કર્મ છે.અતિ પાપીના મુખમાંથી ભગવાનનું નામ જલ્દી નીકળતું નથી.ભગવાન અંદરઆવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી.સેવાનું ફળ સેવા છે, મેવા નહીં.માટે મુક્તિ પણ આશા કરવી નહીં.આમ ભગવાનનો મુખ્યવિષય છેનિષ્કામ ભક્તિ.ભોગ ભોગવવા ની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો.ભક્તિ નું ફળ ભોગ નથી, ભગવાન છે. ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય? ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારી આંખ,મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં.શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિ ષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટસોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજીને તેઓ કાંઈ આપતા નથી.આ જોઈ સીતાજી કહે, આ હનુમાનજીને પણ કાંઈ આપોને.રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકાર નો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવીએટલે સાચો પ્રેમ ગયો સમજવો.ભક્તિમાંમાગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે,આપવાવાળો જશે ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છેને મારા ભક્તો મને પામે છે. ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે. ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છે. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ માટે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે,મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે.દાસી કરતાં મારા ભગવાન વધારે છે. રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોર જીને પરિશ્રમ આપવો માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી. તેમની પત્નીએ તેમને શ્રીકૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવ જોયો પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળછે.મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામા એ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી,તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાન ને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વ સ્વ હતું.પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી.ગોપી ઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે.ગોપીગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસી ઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે, સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણ નું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે? શ્રીકૃષ્ણનો? તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે. ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે. ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે. ભગવાન પોતે જ ઉદ્ધવને કહે છે કે,મારી ગોપીઓ મારામય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો,તો જ્યાં જશો ત્યાં ભક્તિ કરી શકશો.તેથી તો તુકારામ કહે છેકે,ભલે મને ભોજન ન મળે પણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ, હે વિઠ્ઠલનાથ, મને તમારાથી અલગ ન કરશો. ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો.

# જીમમાં જતા-છોડતા પહેલા રાખજો આટલી બાબતોનું ધ્યાન રાખો



આજકાલ જીમમાં જવું ફેશન બની ગઈ છે. લોકો ઉત્સાહમાં આવીને જીમ જોઈન કરી લે છે. પછી થોડા સમય બાદ જીમમાં જવાનું બંધ કરી દે છે. જોકે આવી ટેવ શરીરને મોટું નુકસાન પહોંચાડી શકે છે. જીમમાં જોડાવા અને છોડવા અંગે જીમ ટ્રેનરે ખાસ સલાહ આપી છે..જીમમાં કલાકો સુધી પરસેવો પાડવો આજકાલ યંગસ્ટર્સમાં ક્રેઝ બની ગયો છે. પરંતુ જો તમે પહેલી વખત જીમ જોઈન કરવાનો પ્લાન કરી રહ્યા છો અથવા જીમ છોડવાનો પ્લાન કરી રહ્યા છો. તો તમારે કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખવું પડશે અને તેને અનુસરવુ પડશે. સર્ટિફાઈડ ફિટનેસ એક્સપર્ટ અભિષેક પટેલે આ અંગે કેટલીક જરૂરી માહિતી આપી છે. ફિટનેસ સર્ટિફાઈડ એક્સપર્ટ અભિષેક પટેલ સાથે વાત કરતા જણાવ્યું કે કેટલાક લોકો મસલ્સ ગ્રોથ કરવા, કેટલાક લોકો વજન ઘટાડવા, કેટલાક લોકો પ્રોફેશનલ બોડી બનાવવા તો કેટલાક લોકો લાંબા વિરામ બાદ કસરત કરવાનું શરૂ કરતા હોય છે અથવા અચાનક સમયમા અભાવે જીમ જવાનું છોડી દેતા હોય છે. ત્યારે તેમને ઘણી સમસ્યાઓ જેવી કે સાંધામાં દુખાવો, સ્નાયુ ખેંચાવા, ઘુંટણમાં દુખાવો જેવી તકલીફો ઊભી થતી હોય છે. જો કે જીમ જોઈન કરવું કોઈ ખોટી વાત નથી. પરંતુ કેટલીક બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો રિઝલ્ટ સારું મળે છે. જીમ જતા પહેલા તમે તમારું લક્ષ્ય નક્કી કરો. ત્યારબાદ તેને અનુસંધાન યોગ્ય કસરત કરવાનુ ચાલુ કરો. આ માટે યોગ્ય જીમ ટ્રેઈનરનું માર્ગદર્શન મેળવો. જીમ જોઈન કરતા પહેલા જીમ ટ્રેઈનરને તમારી હેલ્થ વિશે સંપૂર્ણ જાણકારી આપો. જો તમને કોઈ બીમારી હોય અથવા કોઈ દવા ચાલુ હોય તો ટ્રેઈનરને ભૂલ્યા વગર જણાવો. જો શક્ય હોય તો બોડી ચેકઅપ કરાવી લો અને જીમ ટ્રેઈનર જે સલાહ આપે તેનું પાલન કરો. જીમ શરૂ કરતા પહેલા ૧૦-૧૫ દિવસ હળવી કસરતો જેવી કે વોકિંગ, સાઈકલિંગ, ક્રન્ચેઝ, ડમ્બેલ ફલાય, સાઈડ ફલાય્સ જેવી એક્સરસાઈઝ કરો. આ સાથે આહારનું પણ ધ્યાન રાખો. ત્યારબાદ જીમ શરૂ કર્યાના ૬-૭ દિવસ સુધી વોર્મઅપ એક્સરસાઈઝ કરવી જાઈએ. જો કે કોઈપણ વર્કઆઉટ પહેલા વોર્મઅપ ખૂબ મહત્વનું હોય છે. જે માંસપેશીઓને કસરત કરવા માટે તૈયાર કરે છે અને ઈજા થવાના જોખમને ઘટાડે છે. ત્યારબાદ જીમ ટ્રેઈનરના માર્ગદર્શન હેઠળ ધીમે ધીમે ઓછા વજનવાળા ડમ્બેલ્સની એક્સરસાઈઝ કરો. એ પછી સમયાંતરે વજન વધારતા જાઓ. આ ઉપરાંત શરૂઆતમાં ટ્રેડમિલ પર સ્પીડ પણ ધીમી રાખવી જાઈએ.

# ફુદીનાના પાણીનું સેવન કરવાથી પેટમાં જામેલી ગંદકી અને ગેસને એક ઝાટકે બહાર કાઢશે

ફુદીનાને રસને પાણીમાં મિકસ કરી કોગળા કરવાથી પણ મુખની દુર્ગંધ દૂર થાય છે. આવુ કરવાથી મોઢાને ઠંડકનો પણ એહસાસ થાય છે. ગરમીમાં લૂથી બચવા માટે પણ ફુદીનાનો પ્રયોગ કારગર છે. ફુદીનાનું પાણી બનાવવા માટે, તમારી પાણીની બોટલમાં કેટલાક ફુદીનાના પાન નાખો. આ પાણી પાણીને ૫-૬ કલાક સુધી પીતા રહો. જો તમે ઈચ્છો તો તેમાં લીંબુના ટુકડા અને ફુદીનો બંને નાખી શકો છો. તેનાથી તમને ઉનાળામાં ઠંડકનો અનુભવ થશે અને ત્વચા પિમ્પલ્સ ફ્રી ગ્લોઈંગ બનશે લ ફ્રી બની જશે. ગરમીમાં શરીરમાં પાણીની કમી થઈ શકે છે. આ સ્થિતિમાં ફુદીના વોટર પીવાથી શરીર હાઈડ્રેઈટ રહે છે. સતત તેને પીવાથી બોડી ડિટોક્સ પણ થાય છે. શરીરમાં પાણીની કમી પણ દૂર થાય છે. પેટની એસિડિટી અને બળતરાને દૂર કરે છે. ફુદીનાનું પાણી પાચનતંત્રને સુધારે છે. ફુદીનામાં મેન્થોલ હોય છે, જે પેટને ઠંડુ રાખે છે અને લૂથી બચાવે છે. ભીષણની ગરમીના કારણે ઓઈલી સ્કિનમાં પસીના ધૂળ અને ઓઈલના કારણે સ્કિન પર ગંદગી જામે છે અને ખીલ થાય છે. ફુદીનામાં એન્ટી બેક્ટેરિયલ તત્વ હોય છે. જે જેનાથી સ્કિન પર પિમ્પલ્સ નથી થતાં, ગરમીની સિઝનમા ત્વચા બેજાન થઈ જાય છે. ત્વચાની ચમક ગાયબ થઈ જાય છે. આ



સ્થિતિમાં જો આપ નિયમિત રીતે ફુદીના પાણી પીવો છો તો આપની સ્કિન ખૂબ જ ફ્રેશ રહે છે અને ફુદીનામાં રહેલ એન્ટી ઈન્ફલામેટરી ગુણ ગરમીમાં ત્વચાને સ્વસ્થ રાખે છે. દિવસભર ફુદીના પાણી પીવાથી આળસ દૂર થાય છે. ગરમીમાં લાબા સમય સુધી આળસ અનુભવાય છે અને ઊંઘ આવે છે. જો કે ફુદીના પાણીનું દિવસભર સેવન કરવાથી શરીર ઠંડુ રહે છે. બોડી એર્જેટિક થઈ જાય છે અને માઈન્ડ એક્ટિવ થઈ જાય છે. આળસ દૂર ભાગી જાય છે. બોડીને ડિહાઈડ્રેશનથી બચાવવા માટે ભરપૂર માત્રામાં પાણી પીવું ખૂબ જ જરૂરી છે. પરંતુ જો તમને સતત નોર્મલ પાણી પીવાનું પસંદ ન હોય તો અમુક ઠંડાપીણા પણ મદદરૂપ સાબિત થાય છે. તેમાં સૌથી પહેલા નંબર પર આવે છે, ફુદીનાનું પાણી. ફુદીનાની તાસીર ઠંડી હોવાની સાથે તે ઉનાળાની ઋતુમાં મેટાબોલિઝમને પણ બૂસ્ટ કરે છે. સાથે તેના સેવનથી બોડી ડીટોક્સ થાય છે. ઉનાળાની ઋતુમાં પ્રચંડ ગરમીના લીધે લોકો લૂ અને ડિહાઈડ્રેશનનો શિકાર બની જાય છે. તેવામાં જો ડાયટનું ધ્યાન રાખવામાં ન આવે તો સમસ્યા વધારે ગંભીર બની શકે છે. ગરમીમાં અમુક ઠંડી તાસીરવાળા ખોરાકનું સેવન કરવાથી શરીરને અંદરથી ઠંડક મળે છે. બોડીને ડિહાઈડ્રેશનથી બચાવવા માટે ભરપૂર માત્રામાં પાણી પીવું ખૂબ જ જરૂરી છે. પરંતુ જો તમને સતત નોર્મલ પાણી પીવાનું પસંદ ન હોય તો અમુક ઠંડાપીણા પણ મદદરૂપ સાબિત થાય છે. તેમાં સૌથી પહેલા નંબર પર આવે છે, ફુદીનાનું પાણી. ફુદીનાની તાસીર ઠંડી હોવાની સાથે તે ઉનાળાની ઋતુમાં મેટાબોલિઝમને પણ બૂસ્ટ કરે છે. સાથે તેના સેવનથી બોડી ડીટોક્સ થાય છે. ફુદીનામાં રહેલા પોષણની વાત કરીએ તો તેમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, વિટામિન સી, કેલ્શિયમ, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા પોષક તત્વો રહેલા છે. આ તમામ તત્વો બોડીને હેલ્થી રાખવામાં અને ગરમીથી બચાવવામાં મદદ કરે છે. ઉનાળામાં ફુદીનાના પાણીનું સેવન કરવાથી કબજીયાત, ગેસ અને એસિડિટીથી છૂટકારો મળે છે. આ પાણી એન્ટી ઓક્સિડેન્ટ, એન્ટી બેક્ટેરિયલ, એન્ટી ફંગલ ગુણોથી ભરપૂર હોય છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

# પ્રોટીનનું પાવરહાઉસ આ વૃક્ષ, અનેક રોગોનો રામબાણ ઈલાજ



સરગવાના ઝાડને પ્રોટીનનું પાવર હાઉસ કહેવામાં આવે છે. આયુર્વેદમાં તેના ઘણા વિશેષ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. હાડકાને મજબૂત બનાવવા માટે તેની શીંગ રામબાણ ઈલાજ છે. લગભગ દરેક વ્યક્તિને લીલા શાકભાજી ગમે છે. ખાસ કરીને ઉનાળામાં લોકો વધુ લીલા શાકભાજી ખરીદે છે અથવા રોપતા હોય છે. ઉનાળાની ઋતુમાં સરગવો લોકોને વધુ આકર્ષે છે. સરગવો એક મોસમી શાકભાજી છે અને તેના ફળ ઉનાળાની ઋતુમાં સૌથી વધુ જોવા મળે છે. સરગવો જે સમગ્ર દેશમાં ડ્રમસ્ટિક અને અંગ્રેજીમાં મોરિંગા તરીકે ઓળખાય છે. તેના પાન અને શીંગમાંથી શાક બનાવી શકાય છે. તેનું શાક સ્વાદિષ્ટ હોય છે. તેના ઘણા આયુર્વેદિક ફાયદા પણ છે, જે ઘણા રોગો સામે લડવામાં અસરકારક છે. સરગવાના પાન વિટામિન્સ, એન્ટિઓક્સિડન્ટ્સ અને મિનરલ્સથી ભરપૂર હોય છે. તેમાં વિટામિન A, B1, B2, B6, C અને ફોલેટનો સૌથી સમૃદ્ધ સ્ત્રોત છે. તેમાં મેગ્નેશિયમ, કેલ્શિયમ, ઝિંક, આયર્ન અને ફોસ્ફરસ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. સરગવાના પાંદડા, ફૂલ અને શીંગ અનેક રોગો સામે લડવામાં અસરકારક છે. તેમાં મોટી માત્રામાં પ્રોટીન જોવા મળે છે. તે પાચન તંત્રથી લઈને કિડની, બ્લડ પ્રેશર, સ્નાયુઓ વગેરે સુધીના ઘણા રોગો સામે લડવામાં મદદ કરે છે. જેના કારણે પ્રાચીન સમયથી લોકો તેનો ઉપયોગ કરતા આવ્યા છે. ડાયાબિટીસને કંટ્રોલ કરવા માટે ડાયેટ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ચાલો જાણીએ ડાયાબિટીસ કંટ્રોલ કરતાં એક ખાસ જ્યુસ વિશે. આજના સમયમાં આપણામાંથી ઘણા લોકો પોતાના વધતા બ્લડ સુગરથી પરેશાન છે. બ્લડ સુગરનું લેવલ ખૂબ વધી જવાથી માત્ર ડાયાબિટીસનું જ જોખમ નથી રહેતું, પરંતુ તેના કારણે ઘણી ગંભીર સમસ્યાઓ પણ થઈ શકે છે. તેવામાં બ્લડ સુગરને કંટ્રોલ કરવું ખૂબ જ જરૂરી છે. બ્લડ સુગરને કંટ્રોલ કરવા માટે એક સારા ડાયેટની સાથે-સાથે યોગ્ય લાઈફસ્ટાઈલની પણ જરૂર હોય છે. જો તમે બ્લડ સુગરને કંટ્રોલ કરવા માગતા હોય તો યોગ્ય ડાયેટની મદદ લો. આ ડાયેટમાં તમારા માટે સરગવાના પાન પણ સામેલ છે. જી હા, સરગવાના પાનનો ઉપયોગ કરીને તમે ઘણી હદ સુધી બ્લડ સુગરને કંટ્રોલ કરી શકો છો. ચાલો વિગતે જાણીએ સરગવાના પાન બ્લડ સુગરને કંટ્રોલ કરવામાં કઈ રીતે ફાયદાકારક છે અને કેવી રીતે તેનો ઉપયોગ કરવો.સરગવાના પાનમાં ક્વેરસેટિન હોય છે, જે એક એન્ટીઓક્સિડેન્ટ છે.

# આ ફળ, હૃદય, હાકડા અને લીવરને બનાવશે મજબૂત

અંજીરના ફળને કાચા અને પાકા એમ બંને સ્વરૂપે ખાવામાં આવે છે. તેને સૂકવીને આખું વર્ષ ઉપયોગમાં લેવામાં આવે છે.અંજીરનું સેવન હૃદય માટે પણ ફાયદાકારક છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં પણ અંજીર ફાયદાકારક છે. માઉન્ટ આબુમાં ઘણી જગ્યાએ અંજીર રસ્તા પર વેચાતું જોવા મળે છે. આ એક આયુર્વેદિક મહત્વ ધરાવતું ફળ છે, જે અનેક રોગોમાં ખૂબ જ અસરકારક છે. અંજીરના વાવેતરનો સમય મુખ્યત્વે ડિસેમ્બરથી જાન્યુઆરી અથવા જુલાઈથી ઓગસ્ટ સુધીનો હોય છે. અંજીર મે અને ઓગસ્ટ વચ્ચેના સમયગાળા દરમિયાન પાકે છે. અંજીરને અંગ્રેજીમાં ફિગ કહે છે. આ એક સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફળ



છે, જે શરીર માટે ફાયદાકારક છે. આ ફળ ખાવામાં જેટલું મીઠું છે એટલું જ સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. આ ફળમાં વિટામિન્સ, મિનરલ્સ, એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને આયર્ન વગેરે તત્વો મળી આવે છે. તે શરીરને સ્વસ્થ રાખે છે. અંજીરમાં સારી માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનને સુધારવામાં મદદ કરે છે. તે અપચો, કબજિયાત અને અન્ય પાચન સમસ્યાઓ ઘટાડવામાં મદદરૂપ છે. જે કોઈ વ્યક્તિ ટાઈફોઈડથી પીડાઈ રહ્યું હોય તેને દૂધમાં અંજીર ઉકાળીને પીવડાવવાથી આરામ મળે છે. ફાઈબરની સાથે અંજીરમાં નૈકોઝિન પણ જોવા મળે છે, જે વજનને કંટ્રોલ કરવામાં મદદરૂપ થાય છે. અંજીરનું સેવન હૃદયને મજબૂત બનાવવા તથા રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પણ ફાયદાકારક છે. અંજીરમાં નેચરલ સુગર મળી આવે છે, જે થાક અને નબળાઈ દૂર કરવામાં મદદ કરે છે. તેના તત્વો હાડકાને મજબૂત રાખે છે. દરરોજ ૪-૫ અંજીરનું સેવન કરવાથી ફાયદો થાય છે. જો તમે મોટાપો અને ડાયાબિટીસની સમસ્યા છે, તો તમારે અંજીરનું સેવન કરવાનું ટાળવું જોઈએ.

BOLLYWOOD NEWS FLASH



'ચંદુ ચેમ્પિયન'ના કારણે તેના પર ચારે તરફથી વખાણનો વરસાદ થઈ રહ્યો છે

# હવે 'ચંદુ ચેમ્પિયન' પછી કાર્તિક આર્યન 'ભૂલભલૈયા ૩'માં દેખાશે

કાર્તિક આર્યન પર હાલ તેની ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'ના કારણે ચારે તરફથી વખાણનો વરસાદ થઈ રહ્યો છે. કબીર ખાનની ફિલ્મમાં પદ્મશ્રી મુરલીકાંત પેટકરની ભૂમિકા બદલ કાર્તિક ચર્ચામાં છે. સતત સફળતાઓ અને આવી રહેલી મોટી ફિલ્મોને કારણે હાલ કાર્તિક બોલિવૂડનો એલિજીબલ બેચલર બની ગયો છે. કાર્તિકની માતા ડૉ.માલા તિવારી પણ વહુની શોધમાં છે. આ વીકેન્ડમાં જ 'ધ કપિલ શર્મા શો'નો છેલ્લો એપિસોડ સ્ટ્રીમ થશે જેમાં કાર્તિક પોતાની મા સાથે હાજર રહ્યો હતો. આ શોમાં કાર્તિકની માએ દિકરા માટે એક સ્વયંવરનું પણ આયોજન કર્યું હતું. આ એપિસોડના પ્રોમોમાં જોઈ શકાય છે. આ એપિસોડના ટ્રેલરમાં જોઈ શકાય છે કે કાર્તિક કહેતો દેખાય છે કે એ વખતે હતો એટલો નર્વસ તે ક્યારેય નહોતો. કાર્તિકની માએ દિકરા વિશે ફરિયાદ કરતા કહ્યું કે એ બહુ જ જિદ્દી છે અને તેને મારીને વઢીને એન્જિનીયરિંગ પૂરું કરાવ્યું છે.''ઠોક પીટ કે એન્જિનિયર બનાયા.'' તેના પછી કાર્તિકે કહ્યું,''કંઈક તો સારું બોલ.'' પછી કાર્તિકની માએ એવો પણ ખુલાસો કર્યો કે હવે તે પોતાની વહુની શોધમાં છે, જે ડોક્ટર હોય. તેથી



તેઓ ઓડિયન્સમાંથી કેટલીક છોકરઓને મળ્યા પણ ખરા. એક ફિઝીયોથેરાપિસ્ચને મળીને કહ્યું,''આને તો ફિઝીયોથેરાપિસ્ટની જરૂર પડતી જ રહે છે.'' ટ્રેલરના અંતમાં કપિલ શર્મા મજાક કરે છે કે કાર્તિકની મા દિકરા પર સતત નજર રાખે છે, વિચારો તેમના પતિની શું હાલત થતી હશે. તેના જવાબમાં તેણે જવાબ આપ્યો કે તેને પોતાના હસબન્ડ પર વિશ્વાસ છે, પણ દિકરા પર નહીં. આ એપિસોડ શનિવારે ૮ વાગે સ્ટ્રીમ થશે. હવે 'ચંદુ ચેમ્પિયન' પછી કાર્તિક 'ભૂલભલૈયા ૩'માં જોવા મળશે. આ ઉપરાંત તે અન્ય બે ફિલ્મોમાં કામ કરી રહ્યો છે, જે ૨૦૨૫માં રિલીઝ થશે. તેમાંથી એકમાં તૃપ્તિ ડીમરી લીડ રોલમાં હશે.

'કલ્કિ'ને સ્ટેન્ડિંગ ઓવેશન

'કલ્કિ ૨૮૯૮ એડી'ની દર્શકોને આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે

# દીપિકા માટે પ્રભાસ અને અમિતાભ ખડે પગે

દર્શકોને કાલ્પનિક ભવિષ્યની સફર પર લઈ જાય તે માટે 'કલ્કિ ૨૮૯૮ એડી'ની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. આ ફિલ્મ ૨૭ જૂનના રોજ રિલીઝ થવા જઈ રહી છે. પૅન ઈન્ડિયામાં રિલીઝ થઈ રહેલી આ ફિલ્મમાં પ્રભાસ લીડ રોલમાં છે, નાગ અશ્વિનની આ ફિલ્મમાં બોલિવૂડના લિજેન્ડ અમિતાભ બચ્ચન અને દીપિકા પાદુકોણ પણ મહત્વના રોલમાં જોવા મળશે. મંગળવારે આ ફિલ્મનું ૩ડી વર્ઝન સેન્સર બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યું. સૂત્રો દ્વારા મળતાં અહેવાલો અનુસાર સેન્સર બોર્ડના સભ્યો આ ફિલ્મના અદભૂત દૃશ્યો અને નાગ અશ્વિનના વિઝનરી ડિરેક્શનથી ખૂબ પ્રભાવિત થયા હતા. એવું કહેવાઈ રહ્યું છે કે આ સભ્યોએ ફિલ્મના સ્ક્રિનિંગ પછી ફિલ્મને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.આ સ્ક્રિનિંગમાં હાજર રહેલાં લોકો કોઈ ભારતીય ફિલ્મમાં ક્યારેય ન જોયાં હોય તેવા દૃશ્યોના સાક્ષી બન્યા હતા. આ ફિલ્મની સ્ટોરી પ્રભાવક અને અનોખી રીતે રજૂ કરવામાં આવી



છે, જે બોક્સ ઓફિસ પર મહત્વનું પાસું સાબિત થઈ શકે છે. એવી આશા રાખવામાં આવી રહી છે કે ભૈરવાનું પાત્ર દર્શકોને મજા કરાવશે અને દર્શકો આ ફિલ્મ પાસે કેટલાંક વિશેષ કેમીયોની પણ આશા રાખી શકે છે. આ ફિલ્મ લગભગ ૩ કલાકની છે, તો દર્શકો પણ આ ફિલ્મ મોટા પડદે જોવા આતુર છે.વૈજંથિ મુવીઝ દ્વારા પ્રોડ્યુસ થયેલી આ ફિલ્મમાં સંતોષ નારાયણનું સંગીત છે, તે ઉપરંત કમલ હસન, દીશા પટ્ટણી, શાશ્વતા ચેટર્જી, મૃણાલ ઠાકુર, શોબના, રાજેન્દ્ર પ્રસાદ, પસુપથ્થિ જેવા કલાકારો વિવિધ ભૂમિકામાં જોવા મળશે. 'કલકી ૨૮૯૮ એડી' ૩ડી, ૪ડીએક્સ અને આઈમેક્સ ફોર્મેટમાં જોવા મળશે. બુધવારે મુંબઈમાં 'કલ્કિ ૨૮૯૮ એડી'ની પ્રી રિલીઝ ઈવેન્ટ યોજાઈ હતી, જેમાં દીપિકા પાદૂકોણ, અમિતાભ બચ્ચન અને પ્રભાસ સાથે કમલ હસન, રાણા દગ્ગુબાતી પણ હાજર રહ્યા હતાં. તેમની વીડિયો દરેક સોશિયલ મીડિયા પ્લેટફર્મ્સ પર છવાયેલી રહી હતી. એક વીડિયો ટ્રેન્ડ થયો હતો, જેમાં પ્રભાસ અને અમિતાભ હળવી મજાક કરતા જણાયા હતા. દીપિકા પાદૂકોણ પગથિયા ઉતરવા જતી હતી, તો તેને મદદ કરવા હાથ લંબાવવા માટે બધાં જ એક સાથે દોડી ગયા હતા અને ત્યારે અમિતાભ મસ્તીના મૂડમાં પ્રભાસને પાઠળ રાખીને આગળ જવાની કોશિષ કરતા હતા. જેના પર બધાં જ એકસાથે હસી પડ્યાં હતાં. આ વીડિયો પર દરેક પ્લેટફર્મ પર ફૅન્સે અઢળક પ્રેમ વરસાવ્યો હતો.

ન્યૂયોર્કમાં પ્રિયંકાની રેસ્ટોરાં બંધ થશે

# પ્રિયંકાએ બે મહિના પહેલાં ભાગીદારી પરત ખેંચી હતી

## ન્યૂયોર્કમાં આવેલી રેસ્ટોરાં 'સોના' બંધ થવા જઈ રહી છે, આ ભારતીય વાનગીઓને આધુનિક રીતે પીરસવા માટે જાણીતી હતી

પ્રિયંકા ચોપરાની ન્યૂયોર્કમાં આવેલી રેસ્ટોરાં 'સોના' બંધ થવા જઈ રહી છે. આ રેસ્ટોરાં ભારતીય વાનગીઓને આધુનિક રીતે પીરસવા માટે જાણીતી હતી, જે હવે ૩૦ જૂને છેલ્લું ભોજન પીરસીને બંધ થશે. પ્રિયંકાએ બે મહિના પહેલાં આ રેસ્ટોરાંમાંથી પોતાની ભાગીદારી પાછી ખેંચી હતી. હવે આ રેસ્ટોરાં બંધ કરવાના સમાચાર ઈન્સ્ટાગ્રામ પર આપવામાં આવ્યા છે. રેસ્ટોરાં દ્વારા તેનું પ્રકરણ સમાપ્ત થવા અંગે ૧૯ જૂને એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં લખ્યું હતું, ''અમારા નોંધપાત્ર ત્રણ વર્ષની સેવાઓ બાદ, સોના બંધ થશે. આ દરવાજાની અંદર જે પણ લોકો આવ્યા છે, તે દરેકના અમે આભારી છીએ. તમારી સેવા કરવી એ અમારું શ્રેષ્ઠ સૌભાગ્ય હતું. સોના દ્વારા ૩૦ જૂન, સન્ડેના દિવસે છેલ્લું બ્રંચ પીરસવામાં આવશે.'' આ રેસ્ટોરાંનું ઉદઘાટન ત્રણ વર્ષ પહેલાં એક પૂજા કરીને કરવામાં આવ્યું હતું, જેમાં પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ હાજર રહ્યાં હતાં. આ રેસ્ટોરાંમાં મિન્ડી કેલિંગ, અનુપમ ખેર, વિકી કૌશલ, કેટરિના કૈફ સહીતના સેલેબ્રિટીઝે ભોજન લીધું હતું. આ રેસ્ટોરાંમાં ભારતના વિવિધ રાજ્યોની વાનગીઓ પીરસાતી હતી, જેમકે, કેરાલા રોસ્ટ ચિકન, પંપકીન કોફ્તા અને પનીર લબબાદાર. આ રેસ્ટોરાંના કોકેટલ પણ જાણીતાં હતાં. પ્રિયંકાએ મહેશ ગોયલ સાથે મળીને ન્યૂયોર્કમાં આ રેસ્ટોરાં શરૂ કરી હતી. તે પોતાના સોશિયલ મીડિયા પર સોનાની સુંદર રીતે પીરસેલી વાનગોથી લઈને વાનગીઓનું વૈવિધ્ય તેમજ વોડકા પાણીપૂરી જેવા નવા પ્રયોગની ઝલક બતાવતી રહેતી હતી. જોકે, આ રેસ્ટોરાં બંધ થવા પાછળનું કારણ હજુ જાહેર કરાયું નથી. ઉદ્ઘાટનનાં બે જ વર્ષમાં પ્રિયંકાએ ભાગીદારી રદ કરતાં તેની અને ભાગીદાર મહેશ ગુપ્તા વચ્ચે ખટરાગની અફવાઓ ચાલી રહી હતી. રેસ્ટોરાંના માલિક દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે પ્રિયંકા ભલે આ બિઝનેસથી દૂર થઈ જાય પણ અહીંની એક એક વસ્તુ પર તેની છાપ રહેશે અને તે ભાગીદાર ન હોય તો પણ હંમેશા 'સોના' પરિવારનો એક હિસ્સો રહેશે. ૨૦૨૩માં પ્રિયંકાની ટીમ દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું, '''સોના'ને અસ્તિત્વમાં લાવવું એ તેની કારકિર્દીની એક નોંધપાત્ર અને ગૌરવપૂર્ણ ક્ષણ હશે. પ્રિયંકાએ હંમેશા ભારતીય સંસ્કૃતિને આગળ લાવવાની કોશિશ કરી છે, પછી તે ટીવી કે ફિલ્મ માટે સારી વાર્તા લાવવાની વાત હોય કે પછી સુંદર રીતે પીરસાયેલી ભારતીય વાનગી હોય.'' એ વખતે મનીશે કહેલું કે પ્રિયંકા સાથે જોડાવું એ 'સપનું સાકાર થવા જેવી વાત' છે. હવે તેના દ્વારા લોકોને કહેવામાં આવ્યું છે, ''અમે તેની ભાગીદારી અને સહકાર માટે આભારી છીએ.



### સંતરામપુર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪માં

# ૧૨૩ સંતરામપુર વિધાનસભાના કાર્યકર્તાઓનો આભાર દર્શન સમારોહ નગર પાલિકા ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો



તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૨૨ ।

સંતરામપુર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભારતીય જનતા પાર્ટીનો જંગી બહુમતીથી વિજયી થવા બદલ નવ નિયુક્ત સાંસદ આદરણીય શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ તથા ૧૨૩ સંતરામપુર વિધનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ આદિજાતિ અને શિક્ષણ મંત્રીશ્રી આદરણીય શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ તથા મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતમાં ૧૨૩ સંતરામપુર વિધાનસભાના કાર્યકર્તાઓનો આભાર દર્શન સન્માન સમારોહ નગર પાલિકા ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો.

આ પ્રસંગે દાહોદ લોકસભાના સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ, ૧૨૩ સંતરામપુર વિધનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ આદિજાતિ અને શિક્ષણ મંત્રીશ્રી આદરણીય શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ, જિલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયા, મહામંત્રી શ્રી રાવજીભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ શ્રી જે. પી. પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ વળવાઈ અને શ્રીમતી મંગુબેન, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રીમતી રમીલાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ. માનસિંહ ભમાત, લોકસભાના ઈન્ચાર્જ શ્રી શાંતિલાલ પટેલ, લોકસભાના ચંદ્રેશભાઈ ત્રિવેદી, તાલુકા મંડળના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા, જેન્તીભાઈ પટેલ, મહામંત્રી શ્રી છગનભાઈ માલ, કે. પી. ડામોર, નગર સંગઠન પ્રમુખ શ્રી સંદિપભાઈ ભોઈ, મહામંત્રી શ્રી નિતિનભાઈ રાણા, માનગઢના મહંત શ્રી રતનભાઈ મહારાજ, જિલ્લા તેમજ તાલુકા સંગઠનના હોદ્દેદારોશ્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યોશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યોશ્રીઓ, અને અર્બન બેંક સંતરામપુર ના ચેરમેન શ્રી એન કે પટેલ સાહેબ તેમજ ડિરેક્ટરો શ્રી સંતોષભાઈ જોશી દિલીપ કાકા પ્રિયંકાબેન ગટુભાઈ જીતુભાઈ દ્વારા ફુલહાર અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું સહકાર ભારતી આણંદ વિભાગના મહીસાગર જિલ્લાના મંત્રી અને ચેનલ નાઈન નેટવર્ક ના બ્યુરો ઈન ચીફ સંતોષભાઈ જોશી દ્વારા સાલ ઓડારી સન્માન કરવામાં આવ્યું હતું અને એસપી હાઈસ્કૂલના ટ્રસ્ટી એવા લાલભાઈ ઘડિયા તેમજ હિતેશભાઈ ઉપાધ્યાય દ્વારા સાંસદ શ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સરપંચ શ્રી ઓ બુથ પ્રમુખ પેજ પ્રમુખશ્રી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા હતા..



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તા.૨૨/૦૬/૨૦૨૪ના રોજ ઝાલોદની તમામ કોર્ટોમાં નેશનલ લોક અદાલત રાખવામાં આવેલ હતી. નેશનલ લોક અદાલત ના દિવસે ઝાલોદની એડિશનલ ચીફ કોર્ટમાં પ્રી લિટીગેશન ના ૨૦૫ કેસો માં ટોટલ રૂ.૦૮,૪૨,૦૫૨ જેટલી રકમનનું સુખદ સમાધાન કરવામાં આવેલ હતું. ઝલોદની તમામ કોર્ટોમાં લોક અદાલત માં નેગોશિયેબલના ૩૧ કેસોમાં રૂ.૫૬,૩૨,૫૮૦ અને સિવિલની દરખાસ્તોમાં રૂ.૧,૮૬,૯૯૨ જેટલી રકમના કેસો માં સમાધાન થી ફેસલ કરવામાં આવેલ છે અને સ્પેશિયલ સિટિંગમાં કુલ ૩૪૬ ફેસલ કરવામાં આવે છે

# ઝાલોદ રામદ્વારા મંદિરે ભગવાન જગન્નાથની સ્નાન વિધિ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ નગરના મુવાડામા આવેલ ભગવાન રણછોડરાયના પૌરાણિક મંદિર ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા, ભાઈ બલરામની નિત્ય પૂજા આરતી થાય છે. શાસ્ત્રો મુજબ જગન્નાથ ભગવાન તેમના ભાઈ બહેન સાથે મામાને ઘરે જાય છે...આ વર્ષે ઝાલોદમા બિરાજમાન ભગવાન જગન્નાથ મામાને ઘરે ( રામદ્વારા મંદિરે ) વાજતે ગાજતે ઢોલ નગારા સાથે ગયેલ હતા. જગન્નાથ ભગવાનની સ્નાન વિધિ આજ રોજ તારીખ ૨૨-૦૬-૨૦૨૪ પૂનમના દિવસે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ રામદ્વારા મંદિરે યોજાઈ હતી. આ સ્નાન વિધિના પૂજન અવસર પર પૂજન વિધિના આચાર્ય ક્રાંતેશ મહારાજ દ્વારા વિગતવાર માહિતી સાથે પૂજન અર્ચન કરવામાં આવેલ હતું. રથયાત્રા પૂર્વે સ્નાનવિધિનુ શાસ્ત્રોમાં ખૂબ જ મહત્વ છે. આજના પૂનમના દિવસે યોજાયેલ ભગવાન જગન્નાથ , બહેન સુભદ્રા, ભાઈ બલરામની સ્નાન વિધિ સમારોહ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યોજાયેલ હતી ,આજની પૂનમને દેવ સ્નાન પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાન જગન્નાથને સ્નાન કરાવ્યા પછી ભગવાન બીમાર પડી જાય છે અને તેમની આંખો પણ આવી જાય છે તેથી તેમની આંખે પાટા બાંધી દેવામાં આવે છે. રામદ્વારા મંદિર ભગવાન જગન્નાથના જય જયકાર સાથે ગુંજી ઉઠયું હતું. આજના દેવ સ્નાન પૂજા વિધિનો લ્હાવો યોગેન્દ્ર ચૌહાણ, ઉપેન્દ્ર પંચાલ, દેવ પીઠાયા, સંતોષ ભગોરાએ લીધો હતો. આજના સ્નાન વિધિમા નગરના અન્ય ભાવિક ભક્તો પણ ઉપસ્થિત રહેલ હતા છેલ્લે ભોગ, પૂજા, આરતી કરી સૌ ભક્તોએ પ્રસાદનો લ્હાવો લીધો હતો...

# અમદાવાદની પુરુષોત્તમ સોસાયટીના સ્થાનિકો હવે કૌભાંડમાં ફસાયા

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદની પુરુષોત્તમ સોસાયટીના સ્થાનિકો હવે કૌભાંડમાં ફસાયા છે, સોસાયટીના રિડેવલપમેન્ટ દરમિયાન એક મોટો ઘટસ્ફોટ થયો છે, જેમાં સોસાયટીનો કોમન પ્લોટ બારોબાર ત્રાહિતની માલિકીમાં નોંધાયેલ છે, જેના કારણે સ્થાનિકો મૂંઝવણમાં છે. અમદાવાદમાં જૂની ફ્લેટ સ્કીમ હવે રિડેવલપમેન્ટ માટે રિનોવેશન કરવામાં આવી રહી છે ત્યારે પુરૂષોત્તમ નગર સોસાયટીમાં નવો વિવાદ સામે આવ્યો છે. ૪૮ વર્ષ પહેલા સોસાયટીના દસ્તાવેજોમાં સોસાયટીના નામે ૨૭૦૭૪ ચોરસ મીટરના પ્લોટની એન્ટ્રી હતી. અન્ય વ્યક્તિના નામે બોલે છે. એક તરફ જર્જરિત બિલ્ડીંગ છે તો બીજી તરફ પ્લોટનું શું કરવું તે અંગે સ્થાનિક લોકો મુંઝવણમાં છે. સ્થાનિક લોકોએ કલેક્ટરને લેખિતમાં ફરિયાદ કરી છે.સોસાયટીના ત્રણ બ્લોકના ૪૪૧ મકાનોના પરિવારો મુશ્કેલીમાં છે, એક તરફ જર્જરિત ફ્લેટના કારણે છસ્ઝએ નોટિસ આપી છે, તો હવે ક્યાં જવું તે પ્રશ્ન છે, સોસાયટી ૪૮ વર્ષ જૂની છે અને પ્લોટ અન્ય કોઈના નામે છે, જેથી પ્લોટની સમસ્યા ટૂંક સમયમાં હલ થશે તેવી સ્થાનિક લોકોને આશા છે. બૃહદ મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અલગ થયા પછી ગુજરાત હાઉસિંગ બોર્ડની રચના કરવામાં આવી હતી. હાઉસિંગ બોર્ડે અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ નાની-મોટી વસાહતો બનાવી છે. જેમાં ટેનામેન્ટ અને લો-રાઈઝ એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૨ પછી, હાઉસિંગ બોર્ડે બહુમાળી એપાર્ટમેન્ટ બનાવવાનું શરૂ કર્યું. હાઉસિંગ બોર્ડે ૪૮૩ લો-રાઈઝ એપાટમેન્ટમાં ૭૦૮૫૫ મકાનો બનાવ્યા છે. મોટાભાગની વસાહતોના મકાનો ખૂબ જ જર્જરિત બની ગયા હતા અને તેનો પુનઃવિકાસ કરવો જરૂરી બન્યો હતો. હાઉસિંગ બોર્ડે બહુમાળી એપાર્ટમેન્ટ બનાવવાનું શરૂ કર્યું. હાઉસિંગ બોર્ડે ૪૮૩ લો-રાઈઝ એપાટમેન્ટમાં ૭૦૮૫૫ મકાનો બનાવ્યા છે. મોટાભાગની વસાહતોના મકાનો ખૂબ જ જર્જરિત બની ગયા હતા.

### જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીને કારણે ઝાડા ઉલટીના કેસ મળી આવ્યા

# રતનપુરમાં ઝાડા-ઉલટીના વધુ ૯૦ કેસ મળી આવ્યા

। નડિયાદ, તા.૨૨ ।



માતર તાલુકાના રતનપુર ગામમાં ઝાડા – ઉલટીના કેસો અટકવાનું જાણે નામ જ લેતું ના હોય તેવી સ્થિતી સર્જાઇ છે. ગુરૂવારે વધુ ૯૦ દરદીઓ ઝાડા-ઉલટીના મળી આવ્યા છે. જે પૈકી ૨૯ વ્યકિતઓને કન્યાશાળામાં તેમજ ખેડા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આમ આ કેસો મળી આવતા કુલ આંક ૪૮૬ પર પહોંચ ગયો છે. આ અંગેની વધુ માહિતી જોવામાં આવે તો, રતનપુર ગામમાં આવેલા જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીને કારણે ઝાડા ઉલટીના કેસ મળી આવ્યા હતા. આ કેસ મળી આવતા આરોગ્ય વિભાગની જિલ્લા કક્ષાની ટીમો સહિત રાજ્યકક્ષાના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ દ્વારા સ્થળ પર જ ઓપીડી શરૂ કરવામાં આવી હતી. કન્યા શાળા ખાતે હંગામી સબ સેન્ટર શરૂ કરીને દરદીઓને સારવાર આપવામાં આવી રહી છે. છેલ્લા ચાર દિવસથી આ સ્થળે દરદીઓને સારવાર આપવામાં આવી રહી છે. તેમજ સામાન્ય અસર જણાય તેવા દરદીઓને સ્થળ પર જ બોટલ ચઢાવીને સારવાર અપાઈ રહી છે. જયારે વધારે તબિયત બગડી હોય તેવા દરદીઓને ૧૦૮ મારફતે ખેડાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે. ગુરૂવારે પણ ઓપીડી ચાલુ રાખવામાં આવી હતી. જેમાં ૯૦થી વધુ દરદીઓ સારવાર કરાવવા માટે આવ્યા હતા. જે પૈકી ૨૯ દરદીઓને દાખલ કરવાની ફરજ પડી હતી. તેમજ તેમાંથી વધારે ગંભીર જણાતા દરદીઓને ખેડાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### મુખ્ય સૂત્રધાર હજુ પણ પોલીસ પકડથી બહાર

# ઠાસરાની ક્રેડિટ સોસાયટીમાં ગોલ્ડ લોનનું કૌભાંડ સામે આવ્યું

। નડિયાદ, તા.૨૧ ।

ઠાસરાની ધી ઠાસરા વેપારી મંડળ કો.ઓ.ક્રેડિટ સોસાયટીના ગોલ્ડ લોન કૌભાંડમાં સોસાયટી તરફથી નોંધાયેલી ફરિયાદમાં પોલીસે બે આરોપીને ઝડપી પાડ્યા છે. જયારે પકડ્યા છે. તો મુખ્ય સૂત્રધાર આરોપી જે દાગીનાની ચકાસણી કરતો હતો તે ઈસમ ભૂર્ગભમાં ઉતરી ગયો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. પકડાયેલા ઈસમને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

ઠાસરમા દાગીના ધીરાણ કરતી ધી ઠાસરા વેપારી મંડળ કો.ઓ.ક્રેડિટ સોસાયટીમાં ગોલ્ડ લોનનું કૌભાંડ બહાર આવતા હોબાળો મચ્યો હતો. સભાસદો અને સોસાયટીના સત્તાધીશો બંને આક્ષેપપ્રતિ આક્ષેપો વાળી અરજીઓ ઠાસરા પોલીસ મથકે થઈ હતી. જે સોસાયટીના અરજીની તપાસના અંતે ઠાસરા વેપારી મંડળ કો. ઓ. ક્રેડિટ સોસા. માં સોના ચાંદીના દાગીનાની ચોકસાઈ કરવા કાયદેસરના એજન્ટ તરીકે નિમાયેલ ચોકસી ચિરાગભાઈ જગદીશભાઈ અને ૧૪ સભાસદો ઉમીશા ચિરાગ ચોકસી, દેવાંગ જગદીશભાઈ ચોક્સી, અબ્દુલહુસેન અબ્દુલમુક્તિ કાજી, રાકેશભાઈ સોમાભાઈ પટેલ, સુજીતકુમાર આર. જયસ્વાલ, નરવતસિહ કાભભાઈ પરમાર, જૈમીન અરવિંદભાઈ પટેલ, રણજીત વલ્લભભાઈ ચૌહાણ, નીપાબેન દેવાંગભાઈ ચોકસી, ભારતીબેન જગદીશભાઈ ચોકસી, અજીતભાઈ રમણભાઈ રાઠોડ, કિરણભાઈ મેલાભાઈ બારૈયા, પ્રજ્ઞેશભાઈ પૂનમભાઈ રાણાએ સોસાયટીના કુલ ૧ કરોડ ૭૦ લાખ ૯૭ હજારના ગોલ્ડ લોન કૌભાંડમાં સામેલ હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે ગુનો નોંધી આ તમામ લોકોને શોધવા ચક્રોગતિમાન કર્યા હતા. દરમિયાન પોલીસે ફરિયાદ નોધાયાના ૬ દિવસના ટૂંકા ગાળામાં સોસાયટી તરફથી નોંધાયેલી ફરિયાદમાં સામેલ આરોપીઓ પૈકી અબ્દુલહુસેન અબ્દુલમુક્તિ કાજી અને અજીતભાઈ રમણભાઈ રાઠોડને ઝડપી લીધા છે.

તો આ કેસમાં મુખ્ય સૂત્રધાર આરોપી કો. ઓ. ક્રેડિટ સોસા. માં સોના ચાંદીના દાગીનાની ચોકસાઈ કરવા કાયદેસરના એજન્ટ ચિરાગ ચોક્સી પોલીસ પક્કડથી દુર છે. પોલીસે પકડેલા આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. તો આ કેસમાં મુખ્ય સૂત્રધાર આરોપી કો.ઓ. ક્રેડિટ સોસા. માં સોના ચાંદીના દાગીનાની ચોકસાઈ કરવા કાયદેસરના એજન્ટ ચિરાગ ચોક્સી પોલીસ પક્કડથી દુર છે. પોલીસે પકડેલા આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# બાવળા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ

। અમદાવાદ, તા.૨૨ ।

બાવળા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. ભારે ઉકળાટ વર્તાઈ રહ્યો હતો, આ દરમિયાન હવે વરસાદ વરસવાને લઈ બાવળા વિસ્તારમાં રાહત સર્જાઈ હતી. બાવળા, બગોદરા, મીઠાપુર સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. અમદાવાદના બાવળા સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. ભારે પવન સાથે વરસાદનું આગમન અમદાવાદ જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં થયું છે. બાવળા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. ભારે ઉકળાટ વર્તાઈ રહ્યો હતો, આ દરમિયાન હવે વરસાદ વરસવાને લઈ બાવળા વિસ્તારમાં રાહત સર્જાઈ હતી. એક તરફ વરસાદ વિના ખેડૂતોમાં ચિંતા હતી, પરંતુ હવે બપોર બાદ ભારે કડાકા સાથે વરસાદની શરુઆત થતા રાહત સર્જાઈ છે. મધ્યગુજરાતમાં ભારે બફારાનો અહેસાસ થઈ રહ્યો હતો. આ દરમિયાન હવે બાવળા, બગોદરા, મીઠાપુર સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. ભારે ઉકળાટ વર્તાઈ રહ્યો હતો, આ દરમિયાન હવે વરસાદ વરસવાને લઈ બાવળા વિસ્તારમાં રાહત સર્જાઈ હતી. એક તરફ વરસાદ વિના ખેડૂતોમાં ચિંતા હતી, પરંતુ હવે બપોર બાદ ભારે કડાકા સાથે વરસાદની શરુઆત થતા રાહત સર્જાઈ છે. મધ્યગુજરાતમાં ભારે બફારાનો અહેસાસ થઈ રહ્યો હતો. આ દરમિયાન હવે બાવળા, બગોદરા, મીઠાપુર સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

# કાવડાના મુવાડા પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

સંજેલી તાલુકામાં આવેલ કાવડાના મુવાડા પ્રાથમિક શાળામાં ૨૧ મી જૂનના દિવસે શાળાના પટાંગણમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાના આચાર્ય શ્રી તેમજ વ્યાયામ શિક્ષક અને શાળાના શિક્ષકો દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યોગ કરાવીને યોગ વિશેના ફાયદા વિશે રસપ્રદ રીતે માહિતી આપવામાં આવી હતી. આમ કાવડાનામુવાડા પ્રા. શાળાના શિક્ષકો અને બાળકો દ્વારા અલગ અલગ યૌગિક ક્રિયાઓ કરી વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થી દરરોજ યોગ કરવા જોઈએ એવી સમજણ પણ આપવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા સ્વભાવને થોડો અંકુશમાં રાખોજો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી આશા કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબુઓની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો.

**સિંહ (મ,ટ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી પત્ની તમારો ઉત્સાહ વધારશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લોકોને સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને વધુ પ્રાથમિકતા આપજો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. કેટલાક માટે નવો રોમાન્સ ચોક્કસ જણાય છે-તમારો પ્રેમ તમારા જીવનને ખીલવશે.

## ન્યુઝ બોક્ષ

### હિન્દુજા પરિવારના ૪ સભ્યોને જેલની સજા...

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સ્વિસ કોર્ટે બ્રિટનના સૌથી ધનાઢ્ય પરિવારોમાંના એક એવા હિન્દુજા પરિવારના ચાર સભ્યોને ભારતમાંથી લાવવામાં આવેલા ઘરેલુ સહાયકોનું શોષણ કરવા બદલ દોષી ઠેરવ્યા છે અને તેમને ચારથી સાડા ચાર વર્ષની જેલની સજા ફટકારી છે. જોકે, કોર્ટે માનવ તસ્કરીના આરોપોને ફગાવી દીધા છે. આ મામલો લેક જીનીવામાં હિન્દુજા પરિવારના બંગલાનો છે. સમાચાર એજન્સી એપીના અહેવાલ મુજબ સ્વિસ કોર્ટે પ્રકાશ હિન્દુજા અને તેમની પત્ની કમલ હિન્દુજાને ૪.૫ વર્ષની જેલની સજા સંભળાવી છે. તેમના પુત્ર અજય હિન્દુજા અને તેમની પત્ની નમ્રતા હિન્દુઆને ચાર-ચાર વર્ષની સજા ફટકારવામાં આવી છે.આ આદેશ સામે ચારેય આરોપીઓ ઉચ્ચ અદાલતમાં અપીલ કરશે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે હિન્દુજા પરિવારના સભ્યો તેમના ઘરેલુ સહાયકોનું શોષણ કરવા અને તેમને નજીવા સ્વાસ્થ્ય લાભો આપવા માટે દોષિત છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે હિંદુજા પરિવાર તેના કર્મચારીઓને તેમના કામ માટે જે પગાર ચૂકવતો હતો તે સ્વિત્ઝર્લેન્ડમાં આવી નોકરીઓ માટેના પગારના દસમા ભાગ કરતાં પણ ઓછો હતો. જો કે, કોર્ટે માનવ તસ્કરીના આરોપોને ફગાવી દેતા કહ્યું કે કામદારો જાણતા હતા કે તેઓ ક્યાં જઈ રહ્યા છે અને તેઓ ત્યાં શું કરવાના છે.ફરિયાદ પક્ષે બ્રિટનના સૌથી ધનિક હિન્દુજા પરિવાર પર તેમના ઘરેલુ સહાયકોના પાસપોર્ટ જપ્ત કરવાનો આરોપ મૂક્યો હતો. એવો પણ આરોપ હતો કે તેણે કર્મચારીના પગાર કરતાં તેના કૂતરા પાછળ વધુ ખર્ચ કર્યો હતો. વધુમાં, કર્મચારીઓને સ્વિસ ફ્રેંકને બદલે રૂપિયામાં ચૂકવવામાં આવતા હતા. હિન્દુજા પરિવારે કથિત રૂપે તેમના ઘરના મદદગારોને બંગલો છોડવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને તેમને લાંબા સમય સુધી કામ કરવા દબાણ કર્યું હતું. ફરિયાદ પક્ષે કોર્ટને જણાવ્યું હતું કે હિંદુઆ પરિવારના સભ્યો દ્વારા ઘણી વખત કર્મચારીઓને ઓછી કે રજા વગર દિવસમાં ૧૮ કલાક સુધી કામ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ દ્વારા કરાઈ નિયુક્તિ, ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી થશે શરૂ

# લોકસભાના સભ્ય ભર્તૃહરિ મહતાબ પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભાજપના સાંસદ ભર્તૃહરિ મહતાબ ૧૮મી લોકસભામાં પ્રોટેમ સ્પીકર હશે. નવા ચૂંટાયેલા સાંસદોને માત્ર ભર્તૃહરિ મહતાબ જ શપથ લેવડાવશે. તમને જણાવી દઈએ કે મહતાબ ઓડિશાના કટકથી ૫૭૦૭૭ વોટથી ચૂંટણી જીત્યા હતા. તેમણે બીજેડીના સંતરૂપ મિશ્રાને હરાવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, ૭ વખત સાંસદ રહી ચૂકેલા ભર્તૃહરિ મહતાબને લોકસભાના અસ્થાયી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૮મી લોકસભાના નવા ચૂંટાયેલા સભ્યો પ્રોટેમ સ્પીકર સમક્ષ શપથ લેશે. તેમને અધ્યક્ષોની પેનલ દ્વારા મદદ કરવામાં આવશે. આ પેનલમાં કોંગ્રેસના નેતા કે સુરેશ, ડીએમકે નેતા ટીઆર બાલુ, ભાજપના સાંસદો રાધા મોહન સિંહ અને ફગ્ગન સિંહ કુલસ્તે અને ટીએમસી નેતા સુદીપ બંદોપાધ્યાય સામેલ હશે. ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે. નવા ચૂંટાયેલા સભ્યો ૨૪-૨૫ જૂને શપથ લેશે. જ્યારે લોકસભા અધ્યક્ષની ચૂંટણી ૨૬ જૂને યોજાવાની છે.

પ્રોટેમ સ્પીકરને લોકસભાના પ્રિસાઈડિંગ ઓફિસર પણ કહી શકાય. પ્રોટેમ સ્પીકરે રોજિંદી કાર્યવાહી કરવાની હોય છે. ભત્રીહરિ મહતાબ નવા પ્રમુખની ચૂંટણી સુધી તમામ જવાબદારીઓ નિભાવશે. નવા સભ્યોને શપથ પણ લેવડાવશે. જો કે, પ્રોટેમ એક અસ્થાયી પદ છે. ગૃહના નવા અધ્યક્ષની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ કામ કરશે. તમને જણાવી દઈએ કે સ્પીકર બહુમતીથી ચૂંટાય છે. ત્રીજી વખત ભાજપની આગેવાની હેઠળની NDA સરકારના શપથ લીધા બાદ સંસદનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે. આ સત્ર આઠ દિવસ સુધી ચાલશે. લોકસભાના અધ્યક્ષની ચૂંટણી આ સત્રના ત્રીજા દિવસે ૨૬ જૂને થવાની છે. આ ચૂંટણી પહેલા વિપક્ષ વારંવાર આગ્રહ કરી રહ્યો છે કે એનડીએના સહયોગી પક્ષો પાસે લોકસભા સ્પીકરનું પદ હોવું જોઈએ. આ મુદ્દે નીતિશ કુમારના જનતા દળએ સ્પષ્ટ કર્યું છે કે ભાજપ જે પણ નિર્ણય લેશે, પાર્ટી તેનું સમર્થન કરશે. તે જ સમયે, ચંદ્રબાબુ નાયડુની ટીડીપીએ કહ્યું છે કે ગઠબંધનમાં તમામ પક્ષોની સહમતિથી ઉમેદવારની પસંદગી કરવામાં આવે.

જનતા દળના નેતા કેસી ત્યાગીએ શનિવારે કહ્યું કે જેડીયુ અને ટીડીપી એનડીએમાં સહયોગી છે અને તેઓ ભારતીય જનતા પાર્ટી દ્વારા નામાંકિત ઉમેદવારને સમર્થન કરશે. કેસી ત્યાગીએ ANIને કહ્યું, ‘JDU અને TDP NDAમાં મજબૂતીથી છે. અમે ભાજપ દ્વારા નામાંકિત વ્યક્તિનું સમર્થન કરીશું.

હુમલાખોર પણ ગંભીર રીતે ઘાયલ થયો

## અમેરિકાના કરિયાણાની દુકાનમાં ગોળીબાર, ૩ના મોત, ૧૦ ઘાયલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાના અરકાનસાસમાં એક કરિયાણાની દુકાનમાં શુક્રવારે થયેલા ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા છે અને ૧૦ લોકો ઘાયલ થયા છે.આ ઘટના સવારે ૧૧.૩૦ વાગ્યે ફોર્ડીસમાં મેડ બુચર કરિયાણાની દુકાનમાં બની હતી. ફાયરિંગની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને જવાબી કાર્યવાહી કરી, જેમાં હુમલાખોર પણ ગંભીર રીતે ઘાયલ થયો.અરકાનસાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટી ડિરેક્ટર માઈક હેગરે જણાવ્યું હતું કે બે પોલીસ અધિકારીઓને પણ ગોળી વાગી હતી અને ઈજા થઈ હતી.રિપોર્ટ્સ અનુસાર, સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરોમાં કરિયાણાની દુકાનની બારી પર ગોળીઓના નિશાન જોઈ શકાય છે. આ ઘટના બાદ અરકાનસાસના ગવર્નર સારાહ હકાબી સેન્ડર્સે કહ્યું કે તેમને આ ઘટના અંગે માહિતી મળી છે. આ બાબતના સમાચાર મળ્યા બાદ જેમ બને તેમ જલ્દી કાર્યવાહી કરવા બદલ હું પોલીસનો આભારી છું. મારી સંવેદના પીડિતો સાથે છે.અરકાનસાસમાં, ડેવિડ રોડ્રિગ્ઝ (૫૮) તેની કાર ભરવા માટે સ્થાનિક ગેસ સ્ટેશન પર રોકાયો હતો. પછી તેઓએ નજીકની દુકાનમાંથી ફટાકડા જેવા અવાજો સાંભળ્યા.

## પાકિસ્તાનમાં પવિત્ર કુરાનનું અપમાન થતા પોલીસ સ્ટેશનમાં આગચંપી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨ ।

કુરાન ઈસ્લામ ધર્મનું પવિત્ર પુસ્તક છે. આ પુસ્તક બીજા ધાર્મિક પુસ્તકો કરતા અલગ કહેવાય છે કારણકે અલ્લાહે પોતેજ મહંમદ થકી આ પુસ્તક લખાવ્યું હોવાનું મનાય છે પરંતુ અલ્લાહે જ લખેલા આ પવિત્ર પુસ્તકનું જ્યારે કોઈ અપમાન કરે ત્યારે કોઈ પણ વ્યક્તિ તેને સહન નથી કરી શકતું. આવી જ એક ઘટના પાકિસ્તાનથી સામે આવી છે. આ ઘટનામાં આરોપીએ કુરાનના કેટલાક પાના કથિત રીતે સળગાવી દીધા હતા. વાયુવેગે આ સમાચાર પ્રસરતા તપાસ એજન્સીઓએ આરોપીની ધરપકડ કરી છે.

સમર્થકો રિલીઝ માટે અમેરિકા સુધી લોબિંગ કરી રહ્યા છે

# શું સાંસદ બન્યા બાદ અમૃતપાલ જેલમાંથી બહાર આવી શકશે?

### અમૃતપાલના સમર્થકોએ તેને એમ કહીને ચૂંટણી લડાવ્યો કે જો તે ચૂંટણી જીતી જશે તો તે સરળતાથી જેલમાંથી બહાર આવી જશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ, આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ અમૃતપાલ અને તેના નવ સાથીઓની અટકાયત એક વર્ષ માટે લંબાવવામાં આવી છે. આમ છતાં દેશ-વિદેશમાં સ્થાયી થયેલા ખાલિસ્તાન સમર્થકો તેને મુક્ત કરાવવાના પ્રયાસો કરી રહ્યા છે.શિરોમણી અકાલી દળ ફતેહના નેતાઓએ દાવો કર્યો છે કે તેઓ તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા છે અને અમૃતપાલની મુક્તિ અંગે એક મેમોરેન્ડમ સુપરત કર્યુ છે. ખાલિસ્તાન સમર્થકોની માંગ છે કે અમૃતપાલને જેલમાંથી મુક્ત કરવામાં આવે અને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવે કારણ કે તે ખડૂર સાહિબથી લોકસભાની ચૂંટણી જીત્યો છે. તેમણે ચેતવણી આપી છે કે જો અમૃતપાલને છોડવામાં નહીં આવે તો તેઓ ઉપવાસ શરૂ કરશે.અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે અમૃતપાલના સમર્થકોએ તેને એમ કહીને ચૂંટણી લડાવ્યો કે જો તે ચૂંટણી જીતી જશે તો તે સરળતાથી જેલમાંથી બહાર આવી જશે. અમૃતપાલના પિતા તરસેમ સિંહે પણ કહ્યું છે કે શરૂઆતમાં તેઓ ચૂંટણી લડવા માંગતા ન હતા પરંતુ જ્યારે તેમના સમર્થકોએ કહ્યું કે ચૂંટણી જીત્યા બાદ તેમની મુક્તિ આસાન થઈ જશે તો તેઓ સંમત થયા. માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં રહેતા અમૃતપાલના સમર્થકો પણ તેની મુક્તિ માટે ભારત સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકન શીખ વકીલ જસપ્રીત સિંહે આ મામલે અમેરિકી ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે બે બેઠકો કરી છે. કમલા હેરિસ સિવાય તેઓ ઘણા યુએસ સેનેટરોને પણ મળ્યા છે જેથી કરીને અમૃતપાલની મુક્તિ માટે ભારત પર દબાણ લાવી શકાય. જસપ્રીત સિંહનો દાવો છે કે અમૃતપાલ સિંહની અટકાયત ગેરકાયદેસર છે.ખાલિસ્તાનના એડવોકેટ અમૃતપાલ સિંહ વિરુદ્ધ પંજાબના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૧૧ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તેની સામે આસામના ડિબ્રુગઢમાં પણ ફોજદારી કેસ નોંધાયેલો છે. ઉલ્લેખનીય છે કે ડિબ્રુગઢ જેલની કોટડીમાંથી કેટલીક વાંધાજનક ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ મળી આવી હતી જ્યાં અમૃતપાલ કેદ છે, ત્યારબાદ તેની સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ થી ૩૦ માર્ચ, ૨૦૨૩ ની વચ્ચે, અમૃતપાલ વિરુદ્ધ પંજાબના વિવિધ પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગંભીર કલમો હેઠળ ઘણા ગંભીર કેસ નોંધવામાં આવ્યા છે.આ કેસોમાં ૧૯ માર્ચ, ૨૦૨૩ના રોજ અજનાલા પોલીસ સ્ટેશન પરનો હુમલો પણ સામેલ છે, જેમાં તેમના સમર્થકો ગેરકાયદેસર હથિયારો સાથે પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા હતા અને હંગામો મચાવ્યો હતો. આ હુમલામાં અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. અમૃતપાલ અને તેના સહયોગીઓ સામેના કેસોમાં ધાર્મિક લાગણી ભડકાવવા, પોલીસકર્મીઓ પર હુમલો કરવો, લોકોને ધમકાવવો, બેફામ ગાડી ચલાવવી, ભડકાઉ નિવેદનો આપવા વગેરેનો સમાવેશ થાય છે. આ હુમલામાં અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. અમૃતપાલ અને તેના સહયોગીઓ સામેના કેસોમાં ધાર્મિક લાગણી ભડકાવવા, પોલીસકર્મીઓ પર હુમલો કરવો, લોકોને ધમકાવવો, બેફામ ગાડી ચલાવવી, ભડકાઉ નિવેદનો આપવા વગેરેનો સમાવેશ થાય છે.

ડંડા અને લાકડીઓનો ભારે ઉપયોગ

## દારૂ પીવા બાબતે સિક્યુરિટી ગાર્ડ અને સોસાયટીના લોકો વચ્ચે ઝઘડો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

હરિયાણાના ગુરુગ્રામના સેક્ટર-૯૫માં આવેલી આરઓએફ આનંદા સોસાયટીમાં ગુરુવારે રાત્રે લગભગ ૧૧ વાગે સિક્યુરિટી ગાર્ડ અને સોસાયટીના રહેવાસીઓ વચ્ચે લાકડીઓ વડે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ લડાઈમાં, એક બાઈક સવારને (QRT) વાહને ટક્કર મારી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. સેક્ટર-૯૩ પોલીસ ચોકીના ઈન્ચાર્જનું કહેવું છે કે સીસીટીવીના આધારે તપાસ ચાલી રહી છે.વાયરલ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે કેટલાક લોકો સિક્યુરિટી ગાર્ડને માર મારી રહ્યા છે. દરમિયાન, ક્યુઆરટી ટીમનો એક સભ્ય કારમાંથી નીચે ઉતરે છે અને લાકડીઓ વડે ગાર્ડ પર હુમલો કરી રહેલા લોકોને મારવાનું શરૂ કરે છે. આ પછી એક વ્યક્તિ સિક્યોરિટી ગાર્ડના સહયોગી પર ઈંટો અને પથ્થરો મારવા લાગે છે. ત્યારબાદ સુરક્ષા કર્મચારી ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરે છે.દરમિયાન, એક સુરક્ષા કર્મચારી ગેટની બહાર નીકળે છે. આ પછી, અન્ય સુરક્ષા કર્મચારી કારમાં બેસીને ભાગવા લાગે છે. આ દરમિયાન ત્યાં હાજર લોકો ગેટ બંધ કરી દે છે, પરંતુ સુરક્ષાકર્મીઓ કારને તેજ ગતિએ લઈ જાય છે અને ગેટ તોડીને ભાગી જાય છે.

અપહરણ, મર્ડર, ગેંગ વોર જેવી ઘટના બાદ વેજલપુર પોલીસની નાટ્યાત્મક કામગીરી

## પોલીસ ખાલી હાથે પરત ફરી, રીઢા ગુનેગારો તપાસવા વહેલી સવારે કોમ્બિંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

શહેરમાં હત્યા જેવા ગંભીર ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેર પોલીસના રાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોય તે પ્રકારના ગંભીર ગુનાઓ ગુનેગારો દ્વારા આચરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં વેજલપુર અને ગોમતીપુરમાં હત્યા, કાગડાપીઠમાં લૂંટ જેવી અનેક ગંભીર ઘટનાઓ બનવા પામી હતી. આ ઘટનાઓ બન્યા બાદ કેટલાક બનાવોમાં પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી. એકતરફ આરોપીઓ પકડાતા નથી ત્યાં પોલીસ તેમના વિસ્તારમાં ગુના બન્યા બાદ રીઢા આરોપીઓના ઘરે સવારે ૪થી ૬ દરમિયાન તપાસ માટે કોમ્બિંગ કરીને નાટ્યાત્મક કામગીરી કરી હતી. વેજલપુર પોલીસે મર્ડર અને અન્ય ગંભીર બનાવો અટકાવવાની જગ્યાએ બનાવ બન્યા બાદ કોમ્બિંગ કર્યું હતું. વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાં ગુનેગારો બેફામ બન્યા હોવાનું જગજાહેર છે. તાજેતરમાં એક આરોપીની અહીંના અધિકારીઓએ મદદ કરીને કાર્યવાહી કરી હોવાનું ચર્ચાયા બાદ પણ તેમની સામે પગલાં લેવાયા નથી. આ ગંભીર ઘટના બાદ હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં ગેંગ વોર થયો હોવાનું સામે આવ્યું હતું.

મુખ્યમંત્રી બિરેન સિંહે ખાતરી આપી

## ‘મણિપુર કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, ૨-૩ મહિનામાં સમસ્યાનો ઉકેલ આવી જશે’

। (એજન્સી) મણિપુર, તા.૨૨ ।

બિરેન સિંહે કહ્યું કે સુરક્ષાકર્મીઓના અભાવને કારણે હજુ પણ કેટલાક વિસ્તારોમાં હિંસા ચાલુ છે. જો કે, તેમણે ખાતરી આપી હતી કે પરિસ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે કારણ કે ચૂંટણી ફરજ પર રહેલા સુરક્ષા દળો પાછા ફર્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં ફરીથી તૈનાત કરવામાં આવ્યા છે. મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે આશા વ્યક્ત કરી છે કે મણિપુરની સમસ્યા બેથી ત્રણ મહિનામાં ચોક્કસપણે ઉકેલાઈ જશે. તેમનું કહેવું છે કે ત્રીજી વખત પીએમ મોદીની સરકાર બન્યા બાદ કેન્દ્ર સરકારે તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. ખુમાન લંપકમાં યોગ દિવસ નિમિત્તે મીડિયા સાથે વાતચીત કરતા તેમણે આ વાત કહી હતી.બિરેન સિંહે કહ્યું કે સમગ્ર રાજ્યમાં હિંસામાં ઘટાડો જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે જે ૧૪ મહિના દરમિયાન ઘટનાઓ બની હતી, તેમાંથી વાસ્તવિક સંકટ માત્ર ૬-૭ મહિના જ ચાલ્યું હતું. બાકીનો મહિનો સામાન્ય હતો અને રાજ્યના અમુક ભાગોમાં જ કેટલીક ઘટનાઓ બની હતી. સીએમ બિરેને કહ્યું, ‘મણિપુરમાં હિંસા ઘટી છે. અન્ય સ્થળોએ ઘટનાઓ હોવા છતાં, રાજ્યભરમાં શાળાઓ અને દુકાનો ખુલી છે, જે સામાન્ય સ્થિતિમાં પાછા ફરવાનો સંકેત આપે છે.

**વિશેષ** સરકારે જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) અધિનિયમ, ૨૦૨૪ ને અધિસૂચિત કર્યું, જેનો હેતુ દેશભરમાં આયોજિત સ્પર્ધાત્મક અને સામાન્ય પ્રવેશ પરીક્ષાઓમાં છેતરપિંડી અટકાવવાનો છે

# પેપર લીક કરવા બદલ ૧૦ વર્ષની કેદ, ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ...

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

જાહેર પરીક્ષાઓ (અયોગ્ય અર્થ નિવારણ) અધિનિયમ, ૨૦૨૪ હેઠળના ગુનાઓ બિનજામીનપાત્ર છે. ડીએસપી (ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ) અથવા એસીપી (આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ)ના રેન્કના અધિકારી એક્ટ હેઠળના કોઈપણ ગુનાની તપાસ કરી શકે છે. વધુમાં, કેન્દ્ર સરકાર પાસે કોઈપણ તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવાની સત્તા છે. NEET અને UGC-NET પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓના વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે ભવિષ્યમાં પેપર લીકની ઘટનાઓને રોકવા માટે એક મોટું પગલું ભર્યું છે. સરકારે શુક્રવારે જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) અધિનિયમ, ૨૦૨૪ ને અધિસૂચિત કર્યું, જેનો હેતુ દેશભરમાં આયોજિત સ્પર્ધાત્મક અને સામાન્ય પ્રવેશ પરીક્ષાઓમાં છેતરપિંડી અટકાવવાનો છે.આ કાયદો આ વર્ષે ફેબ્રુઆરીમાં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, જે ૨૧ જૂન, ૨૦૨૪થી અમલમાં આવ્યો છે. આ કાયદા હેઠળ, જાહેર પરીક્ષાઓમાં છેતરપિંડી રોકવા માટે, ઓછામાં ઓછી ૩ થી ૫ વર્ષની જેલની સજાની દરખાસ્ત છે અને પેપર લીક ગેંગમાં સામેલ લોકોને ૫ થી ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ આપવામાં આવશે દંડની જોગવાઈ છે. જો કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું જૂથ કોઈપણ સંગઠિત અપરાધ કરે છે, જેમાં પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, સેવા પ્રદાતા અથવા અન્ય કોઈ સંસ્થા સામેલ હોય, તો તેમને ઓછામાં ઓછી ૫ વર્ષથી ઓછી કેદની સજા કરવામાં આવશે, જે ૧૦ વર્ષ સુધી વધી શકે છે.કાયદો કહે છે કે દંડ ૧ કરોડ રૂપિયાથી ઓછો નહીં હોય. કોઈપણ સંસ્થા સંગઠિત પેપર લીકના ગુનામાં સંડોવાયેલી જણાશે તો તેની મિલકતો જપ્ત કરીને જપ્ત કરવાની પણ કાયદામાં જોગવાઈ છે અને પરીક્ષાનો ખર્ચ પણ તે સંસ્થા પાસેથી વસૂલવામાં આવશે. જો કે, આ કાયદો પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોને દંડનીય જોગવાઈઓથી રક્ષણ આપે છે. જો કોઈ ઉમેદવાર પરીક્ષા દરમિયાન અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરતા પકડાશે તો તેની સામે પરીક્ષા આયોજક સંસ્થાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.કાયદો પેપર અથવા જવાબો લીક કરવા, પરીક્ષા દરમિયાન ઉમેદવારોને અનધિકૃત સંદેશાવ્યવહાર દ્વારા



મદદ કરવા, કોમ્પ્યુટર નેટવર્ક અથવા અન્ય સાધનો સાથે ચેડા કરવા, પ્રોક્સી ઉમેદવારોને રોજગારી આપવા (ઉમેદવારની જગ્યાએ પરીક્ષામાં સોલ્વર મૂકવા) સહિત ‘અન્યાયી માધ્યમો’ પર પ્રતિબંધ મૂકે છે. નકલી પરીક્ષાઓ આયોજિત કરવા, પરીક્ષા યાદી અથવા ક્રમ સંબંધિત નકલી દસ્તાવેજો જારી કરવા અને લાયકાત ધરાવતા દસ્તાવેજો સાથે ચેડાં તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪ હેઠળના ગુનાઓ બિનજામીનપાત્ર છે. ડીએસપી (ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ) અથવા એસીપી (આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ)ના રેન્કના અધિકારી એક્ટ હેઠળના કોઈપણ ગુનાની તપાસ કરી શકે છે. વધુમાં, કેન્દ્ર સરકાર પાસે કોઈપણ તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવાની સત્તા છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, સ્ટાફ સિલેકશન કમિશન, રેલ્વે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવતી તમામ કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ આ કાયદા હેઠળ આવે છે. જો કે, આ કાયદો પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોને દંડનીય જોગવાઈઓથી રક્ષણ આપે છે. જો કોઈ ઉમેદવાર પરીક્ષા દરમિયાન અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરતા પકડાશે તો તેની સામે પરીક્ષા આયોજક સંસ્થાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.કાયદો પેપર અથવા જવાબો લીક કરવા, પરીક્ષા દરમિયાન ઉમેદવારોને અનધિકૃત સંદેશાવ્યવહાર દ્વારા મદદ કરવા, કોમ્પ્યુટર નેટવર્ક અથવા અન્ય સાધનો સાથે ચેડા કરવા, પ્રોક્સી ઉમેદવારોને રોજગારી આપવા (ઉમેદવારની જગ્યાએ પરીક્ષામાં સોલ્વર મૂકવા) સહિત ‘અન્યાયી માધ્યમો’ પર પ્રતિબંધ મૂકે છે. નકલી પરીક્ષાઓ આયોજિત કરવા, પરીક્ષા યાદી અથવા ક્રમ સંબંધિત નકલી દસ્તાવેજો જારી કરવા અને લાયકાત ધરાવતા દસ્તાવેજો સાથે ચેડાં તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪ હેઠળના ગુનાઓ બિનજામીનપાત્ર છે. ડીએસપી (ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ) અથવા એસીપી (આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ)ના રેન્કના અધિકારી એક્ટ હેઠળના કોઈપણ ગુનાની તપાસ કરી શકે છે. વધુમાં, કેન્દ્ર સરકાર પાસે કોઈપણ તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવાની સત્તા છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, સ્ટાફ સિલેકશન કમિશન, રેલ્વે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવતી તમામ કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ આ કાયદા હેઠળ આવે છે.

## ન્યૂઝ બ્રિફ

### બાયડના નંદનવન ફ્લેટના કોમન પ્લોટમાં ગંદકી થતાં પાલિકાની નોટિસ

। (એજન્સી) બાયડ,તા.૨૨ ।

બાયડના લાખેશ્વરી વિસ્તારમાં આવેલા નંદનવન ફ્લેટના કોમન પ્લોટમાં પાણી ભરાતાં આસપાસના રહીશો ત્રસ્ત બની ગયા હતા અને પાલિકામાં અરજી કરી હતી. આથી પાલિકા દ્વારા ગંદકી મામલે નોટિસ ફટકારવામાં આવી છે. નંદનવન ફ્લેટના ગંદા પાણીનો નિકાલ ન થતાં ફ્લેટનું તમામ પાણી નંદનવન ફ્લેટના કોમન પ્લોટમાં તથા રસ્તા ઉપર વહેતાં આસપાસના રહીશોમાં રોગચાળો ફેલાય તેવી દેહશત સેવાઈ રહી છે. નંદનવન ફ્લેટના કોમન પ્લોટમાં તથા રસ્તા ઉપર પ ાણી ભરાઈ રહેતાં લોકોને નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું. આસપાસના રહીશોએ ત્રસ્ત બની આખરે બાયડ પાલિકામાં અરજી કરી હતી. આથી પાલિકા દ્વારા નંદનવન ફ્લેટમાં રહેતા રહીશોને નોટિસ આપી ગંદા પાણીનો નિકાલ કરવા જણાવ્યું હતું.

### પાથરણાંવાળા માટે પાલિકા દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરાઇ

। (એજન્સી) ઈડર,તા.૨૨ ।

ઈડર નગરપાલિકા વિસ્તારના તમામ શાકભાજી, ફ્રૂટ, ખાણી-પીણી, પાથરણા, લારી-ગલ્લાવાળાઓને પાલિકા દ્વારા ગુરુવારથી એપીએમસી સંચાલિત શાકમાર્કેટ પાસે ખુલ્લી જગ્યામાં વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી ધંધા-રોજગાર શરૂ કરાયા હતા. ઈડર રેલવે ફાટકથી ધૂળેટા દરવાજા તેમજ ત્રિરંગા સર્કલથી સત્યમ ચાર રસ્તા સુધીના શાકભાજી, ફ્રૂટ, ખાણી-પીણીનાં લારી-ગલ્લાવાળાઓ તેમજ પાથરણા વાળાઓને જાહેર માર્ગો પરથી હટાવી રસ્તા ખૂલ્લા કરાવી અન્ય જગ્યાએ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા પાલિકા દ્વારા આજરોજ તજવીજ હાથ ધરાઈ છે. જેમાં વહેલી સવારથી ચીફ ઓફિસર તેમજ સ્ટાફ દ્વારા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જાહેર માર્ગો પર ઊભા રહેલા લારી-ગલ્લા અને પાથરણા વાળાઓને રોજગારી મળી રહે તે હેતુથી એપીએમસી સંચાલિત શાકમાર્કેટ પાસે ખૂલ્લી જગ્યામાં સાફ-સફાઈ કરી ફ્રૂટ, શાકભાજી તેમજ પાથરણા વાળાઓને એમ દરેકને અલગ અલગ જગ્યાઓની ફાળવણી કરી વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરી છે.

### અંબાજીના ચાચર ચોકમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

। (એજન્સી) અંબાજી,તા.૨૨ ।

અંબાજી મંદિરના ચાચર ચોકમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના વહીટદાર, સ્ટાફ, સેવા પુજા કરતા પુજારી તેમજ સુરક્ષા કર્મીઓ સહિત યાત્રાળુઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. મંદિરના વિશાળ ચાચર ચોકમાં સૌએ યોગ દિવસ નિમિત્તે યોગ કર્યા હતા.પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરના ચાચર ચોકમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના વહીટદાર, સ્ટાફ, સેવા પુજા કરતા પુજારી તેમજ સુરક્ષા કર્મીઓ સહિત યાત્રાળુઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. મંદિરના વિશાળ ચાચર ચોકમાં સૌએ યોગ દિવસ નિમિત્તે યોગ કર્યા હતા. સ્વચ્છ શહેર અને સ્વસ્થ નગરના સૂત્ર સાથે અંબાજીમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ડ્રોન વીડિયો સામે આવ્યા હતા.

### ખેરાલુ-વડનગર પંથકની ઘટના

# શેરબજારના નામે છેતરપિંડી કરતા ૭ પકડાયા, ૬ ફરાર

## લાયસન્સ વગર ડમી સીમકાર્ડથી ફોન કરીને ખોટી ઓળખ આપી લોકોને શેરબજારમાં લે-વેચનો ધંધો કરાવી પોતાના એકાઉન્ટમાં પૈસા ભરાવી છેતરપિંડી કરી

। (એજન્સી) મહેસાણા,તા.૨૨ ।

ખેરાલુ, વડનગર અને વિસનગર પંથક શેરબજારના નામે લોકોને છેતરવાની પ્રવૃત્તિનું હબ બન્યો છે ત્યારે મહેસાણા એલસીબીની ટીમોએ ગુરુવારે ખેરાલુ તાલુકામાં એક તેમજ વડનગર શહેર અને તાલુકાનાં બે સ્થળે સપાટો બોલાવી કુલ ૭ જણાને ઝડપી લીધા હતા. જ્યારે ફરાર થઈ ગયેલા ૬ જણાને ઝડપી લેવાનાં ચક્રો ગતિમાન કરાયાં છે.

મહેસાણા જિલ્લાના ખાસ કરીને ખેરાલુ, વડનગર અને વિસનગર પંથકમાં સ્ટોક બજારના કોઈપણ લાયસન્સ વગર ડમી સીમકાર્ડથી ફોન કરીને ખોટી ઓળખ આપી લોકોને શેરબજારમાં લે-વેચનો ધંધો કરાવી પોતાના એકાઉન્ટમાં પૈસા ભરાવી છેતરપિંડી કરવાની પ્રવૃત્તિ ફુલી ફાલી છે.

અગાઉ પોલીસે આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અનેક લોકોને ઝડપી પણ લીધા છે. ત્યારે જિલ્લા પ ોલીસવડા ડૉ.તરૂણ દુગ્ગલની સૂચનાથી એલસીબી પ ીઆઈ એસ.એસ.નિનામાએ એલસીબી તેમજ પે-રોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમો બનાવી જિલ્લામાં આવી પ્રવૃત્તિ કરતા લોકોને ઝડપી લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

### શેરબજારમાં લે-વેચના નામે બેન્ક એકાઉન્ટમાં પૈસા નંખાવી લોકોને છેતરતા



જેમાં પીએસઆઈ જે.એમ. ગેહલાવતની ટીમ અને પીએસઆઈ એન.પી.પરમારની ટીમે શેરબજારમાં લે-વેચના નામે બેન્ક એકાઉન્ટમાં પૈસા નંખાવી લોકોને છેતરતા વનડગર પંથકમાંથી પાંચ અને ખેરાલુના લીમડી ખાતેથી બે જણાને ઝડપી લીધા હતા. ખેરાલુના લીમડી ગામની સીમમાંથી પોલીસે ઠાકોર દિલીપજી મેરાજી (રહે.લીમડી, ઉગમણો ઠાકોરવાસ) ઠાકોર રણજીતજી પોપટજી (લીમડી, આથમણોવાસ)ને રૂ.૧૦ હજારની કિંમતના બે મોબાઈલ તેમજ કોન્ટેક્ટ લખેલા કાગળો સહિતના સાહિત્ય સાથે ઝડપી લીધા હતા. જ્યારે ઠાકોર રણજીતજી દશરથજી (લીમડી, ઉગમણોવાસ), ઠાકોર અશોકજી કાળાજી (લીમડી, આથમણોવાસ), ઠાકોર રાહુલજી ચંદુજી (લીમડી, આથમણોવાસ) અને ઠાકોર કુલદીપજી મહેન્દ્રજી (લીમડી, આથમણોવાસ) રેડ દરમિયાન નાસી ગયા હોઈ તમામ વિરુદ્ધ ખેરાલુ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. બીજા કિસ્સામાં વડનગર સિવિલ હોસ્પિટલ સામે લાસ્ટ સ્ટેશન કેફે આગળથી ઠાકોર શૈલેષજી મીઠાજી, ગોસ્વામી હિમાંશુ નરેશભાઈ, ઠાકોર મુકેશજી પ રથીજી ઉર્ફે બાલાજી અને ઠાકોર વિશાલ કુબેરજી (ચારેય રહે.અર્જુનબારી, વડનગર)ને રૂ.૨૦ હજારના ચાર મોબાઈલ તેમજ સાહિત્ય સાથે ઝડપી લીધા હતા.

### સુરતમાં દસ વર્ષની બાળકીનું અચાનક મોત

# ટ્યુશન ક્લાસમાં ગયેલી બાળકી બેભાન થઈ ઢળી પડી

## દીકરીના મોતથી પરિવારમાં શોકનો માહોલ ફેલાયો



। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરતમાં અચાનક બેભાન થયા બાદ મોતનો સિલસિલો યથાવત છે. સુરતના વરિયાવ વિસ્તારમાં માત્ર દસ વર્ષની બાળકીનો અચાનક બેભાન થયા બાદ મોત નિપજ્યું હતું. ટ્યુશન ક્લાસમાં ગયેલી બાળકી અચાનક બેભાન થઈ ઢળી પડતા તેના પરિવારને જાણ કરતા દોડી ગયા હતા અને બાળકીને ખાનગીમાં હોસ્પિટલ ખસેડી હતી. જોકે ટુંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. એકની એક દીકરીનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર સુરતના વરિયાવ ગામ ખાતે આવેલી મદીના રેસીડેન્સીમાં મૂળ ધંધૂકાના ઈકબાલ હબિલભાઈ ખલીફા રહે છે. પરિવારમાં પત્ની, દીકરો અને દીકરી છે. ઈકબાલભાઈ અડાજણ મામલતદાર મતદાન યાદી વિભાગમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દીકરી તમન્ના નજીકમાં જ આવેલી શિશુકુંજ વિદ્યાલયમાં ધોરણ પાંચમા અભ્યાસ કરે છે. પિતા ઈકબાલભાઈએ જણાવ્યું હતુ કે, ગત રોજ સવારે તમન્ના સ્કૂલે અભ્યાસ કરવા ગઈ હતી. ત્યારબાદ બપોરે ઘરે આવ્યા બાદ જમીને સુઈ ગઈ હતી. ત્યારબાદ ચાર વાગ્યે ઊઠી હતી અને પાંચ વાગ્યે નજીકમાં જ આવેલા ટ્યુશન ક્લાસમાં ગઈ હતી. ટ્યુશન ક્લાસમાં ગયાના પાંચ મિનિટમાં જ ફોન આવ્યો હતો કે તમન્ના અચાનક બેભાન થઈને ઢળી પ ડી છે. જેથી પરિવારજનો તાત્કાલિક દોડીને ટ્યુશન ક્લાસ સાથે પહોંચ્યા હતા. તમન્નાને તાત્કાલિક નજીકમાં જ આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવી હતી. જોકે વેન્ટિલેટર સહિતની સારવાર આપવામાં આવી રહી હોવા છતાં કોઈ રિકવરી આવી રહી ન હતી. જેથી અન્ય એક ખાનગી હોસ્પિટલમાં તેને ખસેડવામાં આવી હતી. જ્યાં રાત્રે તમન્નાને મૃત જાહેર કરવામાં આવી હતી. દીકરીના અચાનક મોતના પગલે પરિવારમાં શોખનું માહોલ છવાઈ ગયો હતો.

### TET-TAT પાસ ઉમેદવારોના આંદોલન

# રાજ્યના ૧૩ હજારથી વધુ જ્ઞાન સહાયકો સીએલ પર ઉતર્યા

## રાજ્યમાં ૭૫૦૦ શિક્ષકોની ભરતી ત્રણ મહિનામાં કરવાની જાહેરાત કરી છે ત્યારે જ્ઞાન સહાયકોની માગ છે કે આ ભરતી મહેકમના ૧૦ ટકા જેટલી પણ નથી

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

રાજ્યમાં કાયમી શિક્ષક ભરતીની માગ સાથે રાજ્યના ૧૩ હજાર અને અમદાવાદના ૬૦૦થી વધુ જ્ઞાન સહાયકો માસ સીએલ પર ઉતર્યા છે. તાજેતરમાં TET-TAT પાસ ઉમેદવારોના આંદોલન બાદ સરકારે રાજ્યમાં ૭૫૦૦ શિક્ષકોની ભરતી ત્રણ મહિનામાં કરવાની જાહેરાત કરી છે. ત્યારે જ્ઞાન સહાયકોની માગ છે કે આ ભરતી મહેકમના ૧૦ ટકા જેટલી પણ નથી. રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં સરકારે કાયમી ભરતી કરવાની જાહેરાત કરી છે. ત્યારે કાયમી શિક્ષક ભરતીની માગ સાથે આજે જ્ઞાન સહાયકો માસ સીએલ પર ઉતર્યા છે.



રાજ્યના ૧૩ હજારથી વધુ જ્ઞાન સહાયકો મહેકમ પ્રમાણે ભરતી કરવાની માગ સાથે વિરોધ નોંધાવી રહ્યા છે. આ શિક્ષકોની માગ છે કે રાજ્યમાં ૭૮ હજાર TET-TAT પાસ ઉમેદવારો છે. જેની સામે સરકારે આગામી ત્રણ મહિનામાં લાયકાતના આધારે ૭૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાની જાહેરાત કરી છે. જે મહેકમના પુરા ૧૦ ટકા પણ નથી. જ્ઞાન સહાયકોની માગ છે કે રાજ્યમાં ૭૮ હજાર TET-TAT પાસ ઉમેદવારો છે તો સરકારે ઓછામાં ઓછા ૩૫ હજાર કાયમી શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

## કુંભારવાડામાં ઈમ્પોર્ટ એક્સપોર્ટ કરતા ઉદ્યોગપતિને ત્યાં લૂંટનો પ્રયાસ થયો

। (એજન્સી) ભાવનગર,તા.૨૨ ।

ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે. ઈમ્પોર્ટ એક્સપોર્ટ કરતાં મોટા ઉદ્યોગપતિનાં ડેલામાં દોઢથી બે કરોડ રૂપિયાની લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં કેટલીક વાર લૂંટની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે. કુંભારવાડા વિસ્તારમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટ કરતાં મોટા ઉદ્યોગપતિનાં ડેલામાં દોઢથી બે કરોડ રૂપિયાની લૂંટનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો.

મોડી રાત્રે અમીનભાઈ મારફાણીનાં TI ટ્રેડર્સ નામના ડેલામાં હરિયાણા પાર્સિંગનું આઈસર લઈને આવેલા ૪ થી ૫ બુકાની ધારી ઈસમોએ છરીની અણીએ બે ચોકીદારને બંધક બનાવી ચોરી સાથે લૂંટનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાની જાણ બોર તળાવ ડી.ડિવિઝન પોલીસમાં સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

૨ કરોડની લૂંટનો પ્રયાસ સામે આવતા પોલીસના ઉચ્ચ અધિકારીઓની તપાસ હાથ ધરી છે. લૂંટારુઓને શોધવા પોલીસે ૩ ટીમ બનાવી શોધખોળ હાથ ધરી છે.

### રખડતા ઢોરના ત્રાસે વધુ એકનો મોત લીધો

# ભાવનગરમાં રખડતા ઢોરે એક વ્યક્તિનો ભોગ લીધો

## મૃત્યુ પામેલા આધેડ દીકરીને મળવા ગયા હતા તે દીકરીને મળીને પરત આવતા હતા ત્યારે તેમને આખલાના સ્વરૂપમાં કાળ આંબી ગયો

। (એજન્સી) ભાવનગર,તા.૨૨ ।

ભાવનગરમાં રખડતા ઢોરના ત્રાસે વધુ એકનો મોત લીધો છે. પીઠલપુરના રહેવાસી આધેડનો આખલાએ જીવ લીધો છે. આમ તંત્રની નિષ્કાળજી એક પુત્રીના પિતાને મોત તરફ લઈ ગઈ છે.

ભાવનગરમાં રખડતા ઢોરના ત્રાસે વધુ એકનો મોત લીધો છે. પીઠલપુરના રહેવાસી આધેડનો આખલાએ જીવ લીધો છે. આમ તંત્રની નિષ્કાળજી એક પુત્રીના પિતાને મોત તરફ લઈ ગઈ છે. મૃત્યુ પામેલા આધેડ દીકરીને મળવા ગયા હતા. તે દીકરીને મળીને પરત આવતા હતા ત્યારે તેમને આખલાના સ્વરૂપમાં કાળ આંબી ગયો હતો.

આખલાએ તેમને રીતસરની ટક્કર મારતા તેમનું મોત થયું હતું. તેમને પ ોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવે છે. સામાન્ય રીતે યમરાજ ભેંસ પર બેસીને જીવ લેવા આવતા હોવાની માન્યતા છે. પણ અહીં તો આખલો પોતે જ યમરાજ બની ગયો છે. ભાવનગરમાં હવે રખડતા આખલા કોઈનો પણ જીવ લઈ લે તે નવાઈ જેવી બાબત રહી નથી. દરેક વસ્તુ હંમેશા તંત્રના બહેરા કાને અથડાઈને પાછી ફરે છે. ભાવનગરના સ્થાનિક કોર્પોરેટરથી લઈને વિધાનસભ્ય અને સાંસદની સાથે સીએમ ભુપેન્દ્ર પટેલ અને ગુજરાત હાઈકોર્ટે પણ રખડતા ઢોરોને લઈને આકરી કાર્યવાહી કરવા કહ્યું છે, પરંતુ ઢોરોના મુદ્દે તંત્રનું વલણ ઢોર જેવું છે. ભાવનગરના સ્થાનિક કોર્પોરેટરથી લઈને વિધાનસભ્ય અને સાંસદની સાથે સીએમ ભુપેન્દ્ર પટેલ અને ગુજરાત હાઈકોર્ટે પણ રખડતા ઢોરોને લઈને આકરી કાર્યવાહી કરવા કહ્યું છે, પરંતુ ઢોરોના મુદ્દે તંત્રનું વલણ ઢોર જેવું છે.

### રિક્ષાચાલકો અને ઈકો વાનના ચાલકોમાં ફફડાટ વ્યાપ્યો

# પાટણમાં ક્ષમતાથી વધુ છાત્રો ભરીને દોડતી રિક્ષા-વાનચાલકો સામે RTOની લાલઆંખ

## સાત ઇકો ચાલકને રૂ. ૨૫૦૦૦ દંડ ફટકારી ૩૦ રિક્ષાચાલકોનું કાઉન્સિલિંગ કરી સૂચના અપાઈ

। (એજન્સી) પાટણ ,તા.૨૨ ।

પાટણ શહેર અને જિલ્લામાં ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓ ભરીને દોડતી સ્કૂલવાન અને ઓટો રિક્ષાચાલકો સામે પાટણ આરટીઓએ લાલ આંખ કરતાં ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓ ભરીને દોડતા રિક્ષાચાલકો અને ઈકો વાનના ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આરટીઓ દ્વારા ઈકો ગાડીના માલિકોને વાહનોમાં જરૂરી સુરક્ષાના સાધનો છે કે કેમ તેની આરટીઓ ટીમે ચેકિંગ કરી સ્થળ ઉપર સાત વાહનોને રૂ. ૨૫૦૦૦નો દંડ ફટકારી ૩૦થી વધુ રિક્ષાચાલકોનું કાઉન્સિલિંગ કરીને જરૂરી સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા ખાનગી સ્કૂલ બસ સ્કૂલવાન અને રીક્ષા પર મુસાફરી કરતા વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે એક્શન પ્લાન તૈયાર કરેલ છે. તેના ભાગરૂપે પાટણ જિલ્લા આરટીઓની ટીમ દ્વારા પાટણ ઊંઝા રોડ ઉપર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી વિદ્યાર્થીઓને લઈને જતી ૭ ઈકો કાર ઝડપાઈ હતી. જેની તપાસ દરમ્યાન વાહનોને વીમા વગર, ડ્રાઈવિંગ લાઈસન્સ વગર, કાળા કાચ, પરમીટ વગર, સીટ બેલ્ટ વગર વાહન ડ્રાઈવિંગ કરતા ચાલકો ઝડપાયા હતા. તેઓને અલગ અલગ ગુનામાં રૂ. ૨૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જ્યારે અન્ય ઈકો ચાલકો અને રિક્ષાઓના ચાલકોને કાઉન્સેલિંગ કરી વિદ્યાર્થીઓની માર્ગ સલામતી સુનિશ્ચિત થવા બાબતે સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આરટીઓ ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને લઈ સ્કૂલ રિક્ષાચાલકો અને ઈકો ગાડીના ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પ ામ્યો હતો. જ્યારે અન્ય ઈકો ચાલકો અને રિક્ષાઓના ચાલકોને કાઉન્સેલિંગ કરી વિદ્યાર્થીઓની માર્ગ સલામતી સુનિશ્ચિત થવા બાબતે સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આરટીઓ ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને લઈ સ્કૂલ રિક્ષાચાલકો અને ઈકો ગાડીના ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

### વડોદરામાં સ્કૂલ વાન ડ્રાઇવરની બેદરકારી સામે આવી

# પુરઝડપે જઈ રહેલ વાનમાંથી બે વિદ્યાર્થીનીઓ પટકાઈ

## ઘટનામાં અમે તપાસ કરી રહ્યા છીએ : વાન ચાલકનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરાશે : RTO ઇન્સ્પેક્ટર એસપી સુથાર

। (એજન્સી) વડોદરા , તા.૨૨ ।

વડોદરાથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક સોસાયટીમાંથી પુરપાટ ઝડપે પસાર થતી સ્કૂલ વાનમાંથી બે વિદ્યાર્થિનીઓ પટકાઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. જોકે, આ ઘટનામાં વિદ્યાર્થિનીઓને ઈજા પહોંચી હતી.

રાજકોટના અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે વિવિધ વિભાગો માટે ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં આરટીઓ વિભાગને પણ જરૂરી સૂચનાઓ આપી છે અને સ્કૂલ વાનમાં ભરચક ભરવામાં આવતા બાળકો સામે કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. તાજેતરમાં વડોદરા પોલીસે આ અંગે ગણતરીના દિવસ માટે સ્કૂલ વાનો માટે ચેકિંગ કરીને કાર્યવાહી કરી હતી. ત્યારબાદ ફરી પાછું જેસે તે પરિસ્થિતિ થઈ ગઈ છે.

સ્કૂલ શરૂ થતાં બાળકોને ઘરે મૂકવા જતી સ્કૂલ વાનમાંથી બે વિદ્યાર્થીની પાછળના દરવાજેથી નીચે પટકાતા ઘસડાઈ હતી. જેને કારણે તેઓને ગંભીર ઈજા પહોંચી હતી. આ સીસીટીવી કઈ સોસાયટીનો છે તેની માહિતી મળી નથી. પરંતુ બગીખાના વિસ્તારની સ્કૂલના વિદ્યાર્થીઓને મુકવા સ્કૂલ વાન જતી હતી તેવી પ્રાથમિક માહિતી બહાર આવી છે

RTO ઈન્સ્પેક્ટર એસપી સુથારે જણાવ્યું હતુ કે, આ સમગ્ર ઘટનામાં અમે તપાસ કરી રહ્યા છીએ. વાન ચાલકનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવશે. જ્યારે પીઆઈ પીડી પવારે જણાવ્યું હતુ કે, હું હાલ અહીં જોવા માટે આવ્યો છે. કેમેરામાં ગાડી નંબર જોઈ તેનો માલિક કોણ છે તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ મીડિયાના સવાલોનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, આ ગંભીર ઘટના છે દીકરીઓ પડી છે પરંતુ વાગ્યુ નથી. તે માટે અમે ભગવાનનો આભાર માનીએ છે. દરેક વાલીને વિનંતી કરું છું કે, જે વાન કે રિક્ષામાં બાળકો જાય છે તે વાન કે રિક્ષા જ નહીં પરંતુ, ડ્રાઈવરનું પણ ચેકિંગ થવું જોઈએ.







## કારેલી ગામે દંપતીની હત્યાની ઘટનાએ સનસનાટી મચાવી દીધી

। (એજન્સી) અમદાવાદ,તા.૨૨ ।

પલસાણાના કારેલી ગામે દંપતીની હત્યાની ઘટનાએ સનસનાટી મચાવી દીધી હતી. તેના પગલે પોલીસ પર માછલા ધોવાતા પોલીસ પણ સક્રિય બની હતી. પોલીસે તેના પગલે ગણતરીના કલાકોમાં દંપતીના હત્યારા તેમના ભાણેજને ઝડપી લીધો હતો. આ હત્યા ભાણેજ અને તેની પત્નીએ બંને ભેગા થઈ કરી હતી. આ ઘટના ૧૯મી જૂનના રોજ બની હતી. હત્યારો ભાણેજ મામામામીને ત્યાં તેની પત્ની સાથે મજૂરીકામ માટે આવ્યો હતો. તેને મામામામી સાથે મજૂરીના રૂપિયાને લઈને રકઝક થઈ હતી.

મજૂરીના રૂપિયાની રકઝકમાં ભાણેજે પત્ની સાથે મળીને મામામામીને મોતને ઘાટ ઉતાર્યા હતા. મૃતક પતિપત્ની ખેતરમાં રહી ખેતમજૂરી કરતા હતા. ડબલ મર્ડરના પ ગલે ચોંકી ઉઠેલી પોલીસે દસ ટીમો બનાવી કામે લગાડી હતી. આ ટીમોની મહેનત રંગ લાવી હતી. તેમણે ગણતરીના કલાકોમાં બંને આરોપીમાં ઝડપ્યા હતા. વિજય અને શીલા નામના પતિપત્નીએ શ્રમિક દંપતી મામામામીની હત્યા કરી હતી. પોલીસે બંને સામે હવે કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨